|| ૐ શ્રી મહાગણપતયે નમઃ || || ૐ શ્રી ગુરૂભ્યો નમઃ || || ૐ શ્રી ૠષિભ્યો નમઃ||

શ્રી મહાગણપતિ હોમમ

# લઘુ પદ્ધતિ

લેખક : શ્રી પી.વી. આર, નરસિંહ રાવ (www.vedicastrologer.org)

પ્રતની તારીખ : ૨૫ એપ્રિલ ૨૦૦૯

## લેખક ના બે શબ્દો :

મારા આધ્યાત્મિક ગુરૂ ડોક્ટર મનીષ પંડિત, પૂના (ભારત) શહેરના છે અને માંચેસ્ટર (લંડન) ખાતે રહે છે, મહાગણપતિ હોમનો દુનિયામાં પ્રચાર કરવાનો વિચાર તેમને થોડા વર્ષો પહેલા સ્વપ્નમાં દર્શાવવામાં આવ્યો હતો. તેમણે સ્વપ્નમાં ૮ ઉચ્ચકોટિના વ્યક્તિઓ જોયા હતાં. તેઓ મનીષને ભુરા આકાશમાં થી વિહાર કરીને ચેન્નઈ (ભારત) આગળ લઇ ગયા ત્યાં તેમણે એક મોટો અગ્નિપુંજ જોયો કે જે ભવિષ્યમાં પ્રગટાવવાનો હતો. તેમણે મનીષને કાર્ય શરૂ કરવાનું કહ્યું. તેમણે ખાતરી આપી કે કળયુગમાં હોમ એ ઘણી બંધબેસતી સાધના છે. કળયુગના વધતા પ્રભાવથી આધ્યાત્મ ભાવ ધરાવતાં લોકો પાસે ઘણાં થોડા કલાકો રહે છે, કે જેમાં તેઓ કોઇ સાધના કરી શકે અને એટલા માટે જે આધ્યાત્મ સાધના ઝડપથી સફળતા આપી શકે, તે ઉત્તમ ગણાય. તેમણે મનીષને કહ્યું કે હોમની સાધના એક ચળવળની જેમ જાતિ, સમાજ અને સંસ્કૃતિઓને ભેદીને આખા વિશ્વમાં ફેલાઇ જશે.

## હોમ શું છે ?

હોમ એ એક અગ્નિ સાધના છે. એ હોમમ , હવન, યજ્ઞ વગેરે નામોથી પણ પ્રચલિત છે. હોમ દ્વારા દૈવિ શક્તિનું અગ્નિમાં આહવાહન અમુક કાર્યપ્રણાલીથી કરવામાં આવે છે. પછી મંત્રોચ્ચાર સહિત અમુક પદાર્થોની અગ્નિમાં આહુતિઓ આપવામાં આવે છે. આ આહુતિઓ અગ્નિ દ્વારા દેવોને પહોંચે છે. અહી રસપ્રદ વાત એ છે કે હોમ એ એક ઘણી પુરાણી સાધના છે અને થોડા ધાર્મિક સંપ્રદાયોમાં દેવોની અગ્નિ દ્વારા પુજા કરવાની પ્રથા છે.

## હોમ શાં માટે ?

હિંદુત્વ શીખવે છે કે દેવો અગ્નિમાં આવીને સાધકની પ્રાર્થનાનો સ્વીકાર કરે છે. જ્યારે કોઇ સાધક બહારનાં અગ્નિ વગર, ભગવાનનાં જે સ્વરૂપનું ધ્યાન ધરે છે, તે દૈવિ શક્તિ સાધકની

અંદર રહેલા આધ્યાત્મિક અગ્નિમાં પ્રવેશીને તે અગ્નિ દ્વારા મંત્રોનો સ્વીકાર કરે છે. પણ ખરેખર તો ઘણાં બધાં લોકોમાં આંતરિક અગ્નિ ઘણો મંદ પડી ગયો હોય છે અને એટલે જ બહારનાં અગ્નિનો સાધનામાં સદ્‌ઉપયોગ કરવો આધ્યાત્મિક વિકાસ માટે ઘણો ફાયદા કારક છે. આ અગ્નિ સાધના સમય જતાં આંતરિક અગ્નિને પણ પ્રબળ બનાવે છે.

આપણે બધાં આપણાં સ્થુળ શરીરને જોઇ શકીએ છીએ, એને અનુભવી શકીએ છીએ. પણ આપણું એક સુક્ષ્મ શરીર પણ છે જે સુક્ષ્મ પદાર્થોનું બનેલુ છે. આ સુક્ષ્મ શરીર આપણી બહારની ઇન્દ્રિયો (આંખ, કાન, નાક વગેરે...) થી જાણી શકાતું નથી. એમાં હજારો નાડીઓ રહેલી છે. જેઓ ખરેખર તો શક્તિનો પ્રસાર કરવાનાં માધ્યમો છે. ભુતાગ્નિ નામનો અગ્નિ આ સુક્ષ્મ શરીર માં પ્રગટ રહે છે. દરેક જીવનાં સંપૂર્ણ અસ્તિત્વનો એ અત્યંત સુક્ષ્મ આધાર છે.

એ ભુતાગ્નિ સ્થુળ શરીરમાં જુદા જુદા અગ્નિ રૂપે પ્રગટ થાય છે. ઉદાહરણ તરીકે ખોરાક પચાવવા માટે ઉદરમાં પ્રગટ થતો જઠરાગ્નિ જે ખાવાનું પચાવવા માટે વપરાય છે. મગજમાં રહેલા અગ્નિનો ઉપયોગ જુદા જુદા ઈન્દ્રિયાનુભવોને પચાવવા માં થાય છે.

ભુતાગ્નિ અસ્તિત્વ માટે ખુબ અગત્યનો છે. મોટા ભાગનાં લોકોમાં એ ઘણો જ મંદ હોય છે. સુક્ષ્મ શરીરની નાડીઓમાં રહેલી અશુધ્ધિઓ અને અવરોધોને કારણે આ અગ્નિ પ્રબળ નથી થઈ શક્તો કે જેથી સંપૂર્ણ અસ્મિતાને પ્રબળ કરે. જ્યારે ભુતાગ્નિ મંદ બળે છે ત્યારે દૈવિ શક્તિનો આવિર્ભાવ ખુબજ મર્યાદિત પ્રમાણમાં થાય છે.

જો આંતરિક નબળાઈ જેવી કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને ઈર્ષ્યાની ઉપર કાબુ મેળવીને કોઇ વ્યક્તિ કરૂણા, એકનિષ્ઠ ભક્તિ, વૈરાગ્ય ભાવ કેળવે અને અહંકાર રૂપી માયાના એક પછી એક આવરણોને હટાવતો જાય તો ધીરે ધીરે સુક્ષ્મ નાડીઓની અશુધ્ધિઓ દુર થઇ જાય અને ભુતાગ્નિનું પ્રબળ રીતે બળવાનું શરૂ થાય. પણ ખરેખર આ એક કઠણ અને સમય માંગી લેતું કાર્ય છે.

આ કાર્ય માટે વ્યક્તિ બહારનાં અગ્નિનો સદ્‌ઉપયોગ કરી શકે છે. હોમનાં આરાધ્ય દેવતા અથવા દેવી બહારનાં અગ્નિમાં દરરોજ વારંવાર વિરાજતાં થાય ત્યારે આજુબાજુનુ સંપૂર્ણ વાતાવરણ તે દૈવિશક્તિથી આવિર્ભુત થતું જાય છે અને આ દૈવિ શક્તિની વારંવારની હાજરીથી સાધકનાં કારણ શરીરમાં રહેલા કર્મો બળતાં જાય છે. પરિણામે નાડીઓ શુદ્ધ થતી જાય છે અને ભુતાગ્નિ પ્રબળ બને છે.

હોમની સાધના જરૂર પ્રમાણે ઘણાં વખત સુધી નિરંતર કરવાથી સાધકની નાડીઓનાં મોટા ભાગનાં અંતરાયો નીકળી જાય છે અને ભુતાગ્નિ ખુબ પ્રબળતાંથી ભભૂકે છે. આમ થાય ત્યારે સાધકની બીજી સાધનાઓ જેમકે ધ્યાન, ભજન વગેરે ઘણીજ ફળદાયી બને છે. જો દૈવી શક્તિનો પ્રાદુર્ભાવ ભુતાગ્નિમાં ઘણે મોટે ભાગે થઇ શકે તો સાધકનું ધ્યાન ધારણાં ખુબ જ ગહન બને છે, અને એને સમાધીનો ઉંડો અનુભવ થાય છે.

વ્યક્તિ એ રીતે વિચારે કે ન વિચારે, દરેક સાધનાનો છેવટનો હેતુ હૃદયની દરેક અશુદ્ધિઓને કાઢી નાખવાનો છે. હૃદય સંપૂર્ણ શુધ્ધ કરવાનો છે. બધાં ગયા જન્મોના અગણિત કર્મોના ભારને કારણે કારણ શરીર ખુબ ભારે થયેલું હોય છે, આ ભારે કારણ શરીરમાંથી સુક્ષ્મ શરીર ઉદભવે છે કે જેની નાડીઓ અવરોધોથી ભરેલી હોય છે, અને જેથી કરીને શક્તિનો સંચાર અસ્ખલિત નથી થતો. આમાંથી સ્થુળ શરીર ઉદભવે છે કે જેમાં જાત જાતનાં શારીરિક અને માનસિક વિકારો પ્રકટે છે. આનાં કારણે મન પણ ઘણાં ભારે સંસ્કારોનાં ઝાળાંમાં ફસાય છે અને એની અસર નીચે ચૈતન્ય પણ મોહ મમત્વની અગાધ ખીણમાં ફંગોળાય છે. ગયા જન્મોનાં કર્મોના કારણે ઉત્પન્ન થતાં સંસ્કારો જે ચૈતન્યનો ભરડો લે છે તેને ''માયા'' નામથી પણ ઓળખાય છે. જ્યારે વ્યક્તિ માયામાં ફસાય છે ત્યારે એ ષડરીપુઓનો માર ખાય છે. ષડરિપૂ એટલે ૬ શત્રુઓ કામ (વાસના), ક્રોધ, લોભ, મોહ, માયા, મદ અને મત્સર.

જેમ જેમ વ્યક્તિ આધ્યાત્મિક પ્રગતિ કરે છે, કર્મો બળવાનાં કારણે કારણ શરીરનો ભાર હળવો થાય છે. સુક્ષ્મ શરીરની નાડીઓ શુદ્ધ થાય છે. મન પરનાં સંસ્કારોની પકડ ઢીલી પડતી જાય છે, અને તેથી વ્યક્તિ આ આંતરિક ષડરિપુઓનો મુકાબલો કરી શકે છે.

આ બધી પ્રવૃત્તિઓ એકબીજા સાથે સંકળાયેલી છે અને બધું એકસાથે થાય છે. જ્યારે વ્યક્તિ તેના બધાંજ મોટાં કર્મો ને બાળી નાખે છે, ત્યારે તે કાર્મિક રીતે ખુબ હળવો બની જાય છે. સુક્ષ્મ શરીરની નાડીઓ શુદ્ધ થઇ જાય છે અને શક્તિનો સંચાર વગર અવરોધે થઇ શકે છે. ત્યારે વ્યક્તિ ષડરિપુની અસરથી મુક્ત થાય છે. આ ૬ શત્રુ ઓ પછી તેનું કંઈ બગાડી શક્તા નથી. જ્યારે વ્યકિતને બધેજ ભગવાનનાં દર્શન થાય ત્યારે તે કદી ગુસ્સે થઇ શકતો નથી, કોઇની એને ઇર્ષ્યા આવતી નથી અને અજ્ઞાનમાં તે કદી ફસાતો નથી.

જ્યારે મનનાં બધાં સંસ્કારો બળી જાય છે ત્યારે કંઇ પણ તેને ઉત્તેજીત નથી કરી શકતું કે દુઃખી નથી કરી શકતું. તે હંમેશા અગાધ આનંદમાં રહે છે. જોકે તેનો બાહ્ય દેખાવ અને કાર્ય કદાચ બદલાતાં દેખાય પરંતુ તે અંદરથી તો હંમેશા પરમાનંદની અવસ્થામાં જ રહે છે.

દરેક સાધનાનો છેવટનો ધ્યેય આ અવસ્થાને પામવાનો છે. પછી તે જ્ઞાન માર્ગ થી કે ભકિતમાર્ગથી અથવા બન્ને થકી પણ વ્યકિતને કર્મો અને અશુદ્ધિઓને બાળવીજ પડે છે, કે જે તેના માર્ગને એ પરમાનંદ અવસ્થા સુદી પહોંચતા રોકે છે. દરેક સાધનાનો હેતું અહંકાર (હું પણા ની ભાવના) નો સંપૂર્ણ નાશ કરીને ચૈતન્ય સાથે એકાકાર થવાનો છે. જો અંતરમાં શુન્યાવકાશ કરી શકાય તો દૈવી ચેતના તે શુન્યાવકાશને ભરી દઈ શકે. જ્યાં સુધી અહંકાર અને મનની વાસનાં વ્યક્તિમાં હોય ત્યાં સુધી અંતરમાં શુન્યાવકાશ સર્જી શકાય નહિ. જયારે અહંકાર ઓગળી જાય અને મનની વાસનાઓ હંમેશા માટે શમી જાય ત્યારે મન ખુબ શાંત થાય છે અને ત્યારે એમાં એક શુન્યાવકાશ ઉત્પન્ન થાય છે. ત્યાર પછી દૈવી ચૈતન્ય એ શુન્યાવકાશને ભરી દઇને અવર્ણનીય આનંદનો અનુભવ કરાવે છે.

હોમ (અગ્નિ સાધના) ભિન્ન ભિન્ન કર્મોને બાળે છે અને તેથી માયાનાં એક પછી એક આવરણો દુર થાય છે, અને આ રીતે હોમની સાધના ઝડપથી આધ્યાત્મિક પ્રગતિ કરાવે છે.

ઘણાં હિંદુ કર્મકાંડો મૂર્તિ કે કળશમાં દૈવી આહવાહન કરીને તેમની પુજા કરવાનું શીખવે છે. દુર્ભાગ્યવશ આપણે અત્યારે કળયુગમા જીવીએ છીએ કે જેમાં પૃથ્વી, જળ અને વાયુ તત્વો શુદ્ધ રહયાં નથી. પ્રતિમાંના ઘડામણનો સમય, તેની રીત ભાત તે ઘડતી વખતે મૂર્તિકારનાં વિચારો વગેરે ને કારણ જો દૈવી પ્રતિમાંમાં ઘણી અશુધ્ધિઓ ઉત્પન્ન થઇ હોય તો આ અશુધ્ધિઓને કારણે તે મૂર્તિમાં દૈવી ચેતનાનો પ્રાદુર્ભાવ ઘણાં ઓછા પ્રમાણમાં થાય છે.

તત્વો કે જે કદી અશુદ્ધ ન થઇ શકે તે ફક્ત આકાશ અને અગ્નિ છે. આકાશનાં માધ્યમથી આધ્યાત્મિક સાધના કરવી ખુબ જ કઠણ છે. તેથી સાધના માટે સર્વોત્તમ માધ્યમ અગ્નિ છે.

સંસ્કૃતમાં અગ્નિ માટે બીજો શબ્દ છે ''પાવક'', જેનો અર્થ થાય છે ''જે પાવન કરે છે''. અગ્નિની વ્યાખ્યા છે પવિત્ર અને એ એના સંપર્કમાં આવનાર બધાંને શુદ્ધ કરી દે છે. અગ્નિને પ્રકટ રાખવા માટે ઉપયોગમાં લેવામાં આવતા લાકડા અને સુકા ખોપરામાં અશુધ્ધિઓ હોઇ શકે પણ અગ્નિ એકદમ શુદ્ધ છે અને દૈવી ચૈતન્યને વધારેમાં વધારે સમાવી શકે છે.

કર્મકાંડો કે જેમાં પૃથ્વી તત્વ કે જળ તત્વનો માધ્યમ તરીકે ઉપયોગ થાય છે. સફળતા પામવા માટે સાધક આંતરિક રીતે ઘણો શુદ્ધ હોવો જોઇએ અને તેની ભુતાગ્નિ પણ પુરતા પ્રમાણમાં પ્રબળ હોવી જોઇએ. સરખામણીમાં અગ્નિનો ઉપયોગ કરીને જે કર્મકાંડ કરવામાં આવે તેની સફળતા સાધકની પુર્વ લાયકાત કે આંતરિક શુદ્ધિના પ્રમાણ પર નિર્ભર નથી. આ મહત્વના કારણને લીધે જ અગ્નિ સાધના (હોમ, હવન, યજ્ઞ) એ કળયુગમાં મોટા ભાગના સાધકો માટે

ખુબ જ બંધ બેસતી છે અને વિશેષ રીતે કે જ્યારે કળયુગ ઘેરો થતો જાય છે. દુર્ભાગ્યવશ ઘણાં લોકોને હવનમાં ભુલ થઇ જવાનો અને તેથી તકલીફો ભોગવવાનો કારણ વગરનો ભય સતાવતો હોવાને લીધે તેઓ હોમની અત્યંત સુંદર, સહજ અને સચોટ વિધીનો લાભ લઇ શક્તા નથી.

વ્યક્તિગત લાભો સિવાય હોમનાં વૈશ્વિક લાભો પણ છે. અગ્નિમાં અપાતી આહુતિઓ સૂર્યને પહોંચે છે, કે જે પૃથ્વીને પોષણ આપે છે. બળેલી સામગ્રીઓનું સ્થુળ તત્વ એ સૂર્યના સ્થુળ તત્વમાં ભળે છે. આહુતિમાં અપાયેલ સામગ્રીઓનું સુક્ષ્મ શરીર, સૂર્યનાં સુક્ષ્મ શરીરમાં ભળે છે. સૂર્યનું સુક્ષ્મ શરીર એ પૃથ્વી પર વસતાં દરેક જીવોનાં સુક્ષ્મ શરીરને પોષણ આપે છે. આ રીતે સૂર્યને આહુતિઓ પહોંચાડવી એ પૃથ્વી પરના જનજીવનની સરળતાં માટે ખુબ જરૂરી છે. જ્યારે આપણે ઘોર કળયુગમાં ધસી રહયા છીએ કે જેમાં અધર્મની બોલ બાલા વધી રહી છે. ત્યારે સૂર્યનું સુક્ષ્મ શરીર નબળુ પડતું જશે. જો વધારે અને વધારે લોકો હોમ કરતાં થશે અને સૂર્યના સુક્ષ્મ શરીરને મજબુતી આપવામાં મદદ કરશે તો અધર્મનું જોર ઓછું થશે અને વિશ્વને સંપૂર્ણ વિનાશથી બચાવી શકાશે.

## પ્રચલિત ગેરસમજો

**૧. ગેરસમજ :** હોમ કરવો ઘણો અઘરો છે. એ નિષ્ણાતો માટે જ છે.

**ટીપ્પણી :** એવી વ્યકિતઓ છે કે જેઓને કોઇપણ પ્રકારની પૂજાવિધી કરવાની સમજ નહોતી તેમણે હોમનું મેન્યુઅલ વાંચીને તેમની જાતે હોમ શરૂ કર્યો છે. આ એક ખુબજ સરળ પદ્ધતિ છે.

**૨. ગેરસમજ :** વ્યક્તિએ હોમ કરવો તો અણિશુદ્ધતાથી કરવો અથવા તો ન કરવો. એક અણિશુધ્દ હોમ ઘણો સમય લે છે.

**ટીપ્પણી :** જો વ્યક્તિ તહેવારના દિવસે પેટ ભરીને છપ્પનભોગ જમે તેમાંથી એને જરૂરી શક્તિ ચોક્કસ રીતે મળી શકે એમ નથી. માણસને મોટા ભાગની શક્તિ એના રોજીંદા સાદા ખાવાનાં માંથી મળે છે.

ઘણાં વિકટ હોમનાં પ્રકાર વર્ણવાયેલા છે પણ છતાં સાદો હોમ કાયમી ધોરણે કરવો વધારે ફાયદા કારક છે અને નહિં કે મુશ્કેલ હવન જ્વલ્લેજ કરવો. ઘણો મોટો હોમ છ મહિને કે વર્ષે એક વાર કરવાં કરતા અર્ધા કે એક કલાક નો સાદો હોમ દરરોજ કરવો એ આધ્યાત્મિક સાધના માટે ઘણું ઘણું મહત્વનું છે.

**૩. ગેરસમજ :** જો હોમ કરવામાં કયાંક ભુલ થઇ જાય તો તેના માઠાં પરીણામો ભોગવવા પડે છે.

**ટીપ્પણી :** જો હોમનું અનુષ્ઠાન સાત્વિક ભાવનાથી અને સાત્વિક હેતુ માટે કરવામાં આવે તો એમાં કોઇ ભય નથી.

તમે માતાપિતા સાથે સારો વ્યવહાર કરો કારણકે તમારે તેમના પૈસાની લાલચ હોય, તો તમારે તેમનો સ્વભાવ સારી રીતે સમજવો પડશે, જે લોકો તેમને સારી રીતે જાણતા હોય તેમના સલાહ સુચનો લેવા પડશે અને ખુબ સંભાળપૂર્વક વર્તવું પડશે. કે જેથી તમને તેમના પૈસા મળી શકે. ભુલો મોંઘી પડી શકે છે અને તમારા ઇરાદાને નાકામયાબ બનાવી શકે છે.

પરંતુ જો તમે તમારા માતા-પિતા સાથે ખુબ સુંદર વર્તાવ કરો છો કારણ કે તમે એમને પ્રેમ કરો છો. અને તમારો પ્રેમ દર્શાવવા માંગો છો. તો તમારે સાવચેતી રાખવાની કોઈ જરૂર નથી. તમે જાણતા હો તેવી રીતે તમારો પ્રેમ તેમને દર્શાવી શકો છો. તમારે તેના માટે કોઇની પણ સલાહની જરૂર નથી અને એમા કોઇ ભય પણ નથી.

એવીજ રીતે તમારે સાવચેત રહેવું પડશે જો હોમનો હેતું કેટલાંક દુન્યવી કામો માટે હોય (જેવા કે પૈસા મેળવવા, વશીકરણ, કોઇક ને બરબાદ કરવું વગેરે). જો તમારા હોમ કરવાનો હેતુ ફક્ત ઇશ્વર તરફનો પ્રેમ દર્શાવવા માટે, પોતાની જાતને આંતરીક રીતે શુદ્ધ કરવા અને દૈવી ચેતના સાથે  એકાકાર થવાની લાયકાત કેળવવા માટે હોય તો તેમાં કોઇ જાતનો ભય નથી. આ પ્રતમા લખવામા આવેલી રીત એ ઋષિઓના શિક્ષણપર આધારિત છે. અને દરેક માટે તે ભયરહિત છે. નાની ભુલોનું કોઇ દુષ્પરિણામ નહિં આવે.

ખરેખર તો એવી આશા રાખવામાં આવે છે કે આ મેન્યુઅલ વાપરનાર દરેક જણ ફક્ત આધ્યાત્મિક પ્રગતિનાં હેતુમાં જ રસ ધરાવશે.

**૪. ગેરસમજ :** જે વ્યકિત ને આધ્યાત્મિક ગુરૂ દ્વારા દિક્ષા ન મળી હોય તે હોમ ન કરી શકે અથવા અમુક મંત્ર સાધના ન કરી શકે.

**ટીપ્પણી :** જો કોઇ વ્યક્તિ ગુરૂમુખે થી મંત્ર અથવા કોઇ રીત મેળવે છે. તેની સરખામણી કોઇ કરોડપતિ પોતાના છોકરાંના નામે લાખો રૂપિયા થી બેંકમા ખાતું ખોલાવે એમ થાય. એ દિકરો ભાગ્યશાળી ગણાય કારણ કે એના ખાતાની શરૂઆત જ ઘણી જમા રકમસાથે થાય. એવીજ રીતે ગુરૂએ મેળવેલી મંત્ર સિધ્ધી કે કર્મકાંડ સિધ્ધીમાંથી થોડો ભાગ એ શિષ્ય માં સંચાર કરે.

જો કોઇ વ્યકિતને મંત્ર કે કર્મકાંડ વિધી સદ્‌ગુરૂ પાસેથી ન મળી હોય તેની સરખામણી બેંકના ખાતાની શરૂઆત શૂન્યથી જ કરવી એમ થાય. જો કે ખાતાની શરૂઆત જમા રકમથી કરવી એ ઉપયોગી છે, છતાં ફક્ત એટલુંજ જરૂરી નથી અને પુરતું પણ નથી. દુનિયામાં એવા ધનવાનોના સંતાનો છે કે જેમણે માતાપિતાના લોખો-કરોડો રૂપિયા વેડફી નાખી ને લાખનાં રાખ કરી નાખ્યા હોય. જ્યારે ઘણાં એવા વ્યક્તિઓ છે કે જઓ પોતાની મહેનતથી શૂન્યમાંથી સર્જન કરીને ધનવાન બન્યા હોય. આવીજ રીતે મહાનતમ ગુરૂ પાસેથી દીક્ષા પામેલ વ્યકિતનું

પતન થઇ શકે છે અને કદી પણ ગુરૂ પાસે થી દીક્ષા ન પામેલી વ્યકિત આધ્યાત્મિક રીત સર્વોચ્ચ શિખરે પહોંચી શકે છે. જો કે ગુરૂ મળવાં એ આવકાર્ય સ્થિતી છે પણ કોઇ રીતે એ અવશ્ય જરૂરી નથી.

જો કોઇ વ્યકિતને સ્વભાવ ગત ગુરૂ ની આવશ્યકતા લાગતી હોય તો તેવી વ્યકિત આ લેખક અને / અથવા તેના ગુરૂ ડો. મનીષ પંડીતને આ હોમની રીત માટે ગુરૂ માની શકે છે.

**૫. ગેરસમજ :** જેઓએ વેદોનો વિધીસરનો અભ્યાસ નથી કર્યો તેઓ વેદમંત્રોનું ઉચ્ચારણ ન કરી શકે અને વેદમંત્રોને કરાતા હોમનું અનુષ્ઠાન ન કરી શકે.

**ટીપ્પણી :** સંત જ્ઞાનેશ્વર ૧૨મી સદીમાં થઈ ગયા. એ મહાન કૃષ્ણભક્ત હતાં. એકવાર પંડિતોની સભાએ એમને વેદ મંત્રોચ્ચાર ન કરવા કહયું કારણ કે તેઓ તેના માટેની ઔપચારિક લાયકાત ધરાવતા ન હતાં ત્યારે સંત જ્ઞાનેશ્વરે જવાબ આપ્યો કે દરેકને વેદમંત્રોના ઉચ્ચાર કરવાનો હક છે. આ ભણેલા પંડિતોએ બળજબરીથી એમનું મોઢું દાબવાનો પ્રયત્ન કર્યો ત્યારે જ્ઞાનેશ્વરની શક્તિથી બાજુ માં ઉભેલા પાડાંનાં મુખે થી વેદમંત્રોચ્ચાર થવા લાગ્યાં. પંડિતોએ ભોઠાં પડીને જ્ઞાનેશ્વરની માફી માંગી અને તેમની પોતાની કુપમંડૂક સ્વભાવની ખામી ને દૂર કરી.

એમનાં જેવા ઘણાં મહાન આત્માઓએ શીખવ્યું છે કે વેદોનું અધ્યયન કોઈપણ કરી શકે છે. અમુક ચોક્કસ તાંત્રિક પધ્ધતિઓનું અનુષ્ઠાન અમુક ચોક્કસ પ્રકારનાં હેતુ સર કરવા અને અમુક ચોક્કસ સિધ્ધિઓ મેળવવા માટે કરનારને તેમાં અત્યંત સાવચેતી રાખવી પડે છે. તેને ભુલોને કારણે મળી શકતી સજા કે બીજી આડઅસરોનો ભય રાખવો પડે છે. પણ વેદો માં અપાયેલા મંત્રો ઋષિદ્વારા વિશ્વને શિખવાડવામાં આવ્યા છે જેનો હેતુ છેવટના આત્મસાક્ષાત્કાર માટે છે. આ મંત્રોની સાધના કરનારને કોઈ આડઅસરનો ભય રાખવાની જરૂર નથી. વેદ મંત્રો સાત્વિક છે. તે મંત્રો ઉચ્ચાર ભુલોને પોતાની મેળે સુધારનાર અને છેવટે આત્મસાક્ષાત્કાર તરફ લઈ જનાર છે.

જે લોકો તાંત્રિક પધ્ધતિ તરફ આકર્ષાયેલા છે તેઓને તે પધ્ધતિઓ શીખવા કે તેમનું અનુષ્ઠાન કરવા માટે છુટ હોવી જોઈએ. પણ જે લોકો ઋષિઓના શિક્ષણનું મહત્વ સમજે છે તેઓને વેદ મંત્રોના જાપ અને વેદમંત્રોને ઉપયોગમાં લઈને થતાં હોમ-હવન કરવા તરફ ચોક્કસ પ્રોત્સાહન આપવું જોઈએ. હોમ કરવામાં સફળતાની ચાવી એટલે સંપૂર્ણ સમર્પિત મનોભાવના અને ફક્ત આત્મસાક્ષાત્કાર નીજ તલપ, તેના સિવાય કોઈ ખેવના નહિં અને પછી હોમ કરવામાં કોઈ ભય ન રહે.

**૬. ગેરસમજ :** જેઓનો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં નથી થયો તેઓ હોમ ન કરી શકે.

**ટીપ્પણી :** વ્યકિતની જાતિનો વિચાર ફક્ત એનાં જન્મનાં કુળ ઉપરથી ન થઈ શકે. એવા ઉદાહરણો છે કે જેમાં મનુષ્યો એ ઈતર જાતિમાં જન્મ લઈને પણ પોતાની તપશ્ચર્યાના બળથી ઋષિપદ પ્રાપ્ત કર્યુ છે. સવિતુર ગાયત્રીમંત્ર વિશ્વ ને આપનાર મહાઋષિ વિશ્વામિત્ર જન્મથી ક્ષત્રિય જાતિના હતાં. મહર્ષિ ભારદ્વાજને બ્રહમજ્ઞાન શીખવનાર મહર્ષિ વાલ્મિકી શુદ્ર જાતિમાં જન્મ્યા હતાં. જે વ્યક્તિને જ્ઞાન તરફ ખેંચાણ હોય છે તે બ્રાહમણ જ્ઞાની છે. જે વ્યક્તિને હોદ્દા, માન, અધિકારત્વ, મહત્વકાંક્ષા તરફ ખેંચાણ છે તે ક્ષત્રિય છે. જે વ્યક્તિને ધનનું ખેંચાણ છે એ વૈશ્ય છે અને જે વ્યક્તિને ઈન્દ્રિયોના વિલાસનું ખેંચાણ છે તે શુદ્ર છે. બ્રાહમણ કુટુંબમાં જન્મેલી વ્યક્તિ પૈસાની પાછળ દોડે તો એ બ્રાહમણ મટી ને વૈશ્ય બની રહે છે. જ્યારે વૈશ્ય કુળમાં જન્મેલી વ્યક્તિ જો ફક્ત જ્ઞાન અને આત્મોન્નતિની ખેવના રાખતો થાય તો તે બ્રાહમણ ગણાય અને હોમ-હવન કરવા માટે ખુબ લાયક કહેવાય.

જન્મ ગમે તે કુળમાં થયો હોય, પણ જે વ્યક્તિ જ્ઞાન (ખાસ કરીને આત્મસાક્ષાત્કાર તરફ લઈ જતુ જ્ઞાન ) માં રસ ધરાવતી થાય અને જેનો રસ પૈસા, પ્રતિષ્ઠા અને ભૌતિક ભોગવિલાસ પરથી ઓછોને ઓછો થતો જાય તે વ્યક્તિ હોમ-હવન કરવા માટે લાયક ઠરે છે.

**૭. ગેરસમજ :** નારીઓ હોમ ન કરી શકે.

**ટીપ્પણી :** સ્ત્રી અને પુરૂષના સ્થુળ શારીરિક બંધારણમાં ધણો તફાવત છે પણ સુક્ષ્મ શરીર કે કારણ શરીરના સ્તરે કોઈ જ તફાવત નથી. બધીજ આધ્યાત્મિક સાધનાઓ મોટાભાગે સુક્ષ્મ અને કારણ શરીરના સ્તરેજ કામ કરતી હોય છે. તેથી સ્ત્રીઓના હોમ કરવા પર સંપૂર્ણ મનાઈ નોં કોઈ અર્થ નથી સરતો.

તેમ છતાં પરંપરા ઓ ના આવા વલણ પાછળ થોડાંક કારણો પણ છે. એ સાચું છે કે સુક્ષ્મ શરીરનાં સ્તરે પુરૂષ અને સ્ત્રી વચ્ચે કોઈ તફાવત નથી પણ ભૌતિક સ્તરના તફાવતો સાધનાની શરૂઆતની અવસ્થામાં ભાગ ભજવી શકે. હોમ કરવા માટે ની આકાંક્ષા ધરાવતી સ્ત્રીઓ નીચેના મુદ્દાઓને ધ્યાનથી સમજીને પછી પોતાનો નિર્ણય કરે.

કોઈપણ આધ્યાત્મિક સાધના જો ધણાં સમય સુધી એકધારી રીતે કરવામાં આવે ત્યારે કુંડલીની શક્તિને તે જાગૃત કરે છે અને શક્તિનો સંચાર ઉર્ધ્વગામી બને છે. કુંડલીની શક્તિ એ બીજું કઈ નહી પણ વ્યક્તિની ચેતના છે. એ આદ્યશક્તિનું વ્યક્તિગત સુક્ષ્મ સ્વરૂપ છે. એ શક્તિ વ્યક્તિના અહંકાર સાથેના જોડાણનું નિયમન કરે છે. જો કે સંપૂર્ણ બ્રહમાંડમાં બધુંજ બ્રહ્મ છે છતાં દરેક

જીવની ચેતના એને અલગ વ્યક્તિત્વનો આભાસ આપે છે. સમય જતાં આ આભાસ ખુબજ મજબુત બની જાય છે. જયારે કોઈ વ્યક્તિ કશી શંકા વગર પોતાને શરીર સમજે છે ત્યારે તેની કુંડલીની શક્તિ સંપૂર્ણ સુશુપ્ત અવસ્થામાં હોય છે. જયારે કુંડલીની શક્તિ જાગૃત થઇને ઉર્ધ્વગામી થાય છે ત્યારે વ્યક્તિમાં પ્રશ્ન જન્મે છે કે "હું કોણ છું"? અને ક્રમે ક્રમે વ્યક્તિની ચેતના વધારે ને વધારે ધારદાર થતી જાય છે. કુંડલીની શક્તિ જેમ જેમ ઉપરનાં ચક્રો તરફ પહોંચે છે તેમ તેમ વ્યક્તિને પોતાના સાચા સ્વભાવનો અનુભવ થતો જાય છે. જયારે કુંડલીની શક્તિ સૌથી ઉપરના "સહસ્ત્રાર ચક્ર" સાથે જોડાય છે ત્યારે વ્યક્તિને પોતાના મુળ સ્વભાવનો સાક્ષાત્કાર થાય છે અને અનુભવ થાય છે કે પોતે બ્રહ્મમય છે.

જો કુંડલીની શક્તિ "સ્વાધિષ્ઠાન ચક્ર" માં અટવાઈ જાય તો તે વ્યક્તિની કામવાસના ખુબ પ્રબળ બને છે, અને તે વ્યક્તિની તે ક્ષેત્રમાં પરીક્ષા થાય છે. આ બાબતે પુરૂષ અને સ્ત્રી બન્ને ઘણાં ભિન્ન છે. આ તબકકો સ્ત્રીઓ માટે ખુબજ મુશ્કેલ પુરવાર થઇ શકે છે. કહેવાનો અર્થ એ નથી કે પુરૂષો માટે આ તબકકો સહેલો છે.

વધારે મહત્વનું એ છે કે અમુક આધ્યાત્મિક અનુભવો ગર્ભવતી સ્ત્રીઓના ભ્રુણને મારી શકે છે જો અંદર રહેલો જીવ આધ્યાત્મિક રીતે ઉન્નત ન હોય. સકારાત્મક રીતે જોઇએ તો આવા આધ્યાત્મિક અનુભવો વખતે ગર્ભમાં રહેલો જીવ આધ્યાત્મિક દ્રષ્ટિએ ઉન્નત હોય તો એક સિધ્ધ આત્માનો જન્મ થાય છે.

દરેક સકારાત્મકમા કંઇક નકારાત્મક કાયમ રહેવાનું છે અને તેથી આપણે બંને બાજુનો વિચાર કરીને વ્યક્તિગત નિર્ણય લેવાનો રહે છે. હોમ કરવામાં રસ ધરાવતી સ્ત્રીઓએ ઊપરના મુદદાઓ ધ્યાનમાં રાખીને હોમ કરવો કે ન કરવો તેનો નિર્ણય કરવો જોઈએ.જો કોઇ પણ સ્ત્રી હોમ કરવામાં રસ ધરાવતી હોય તો તેને પ્રોત્સાહન જરૂર આપવું જોઈએ.

૮. **ગેરસમજ :** હોમ એ ધ્યાન જેવું છે. ધ્યાનથી એ અડિયાતું નથી. એનાંથી કંઈ ખાસ ફરક પડતો નથી.

**ટીપ્પણી :** આપ મુઆ વગર સ્વર્ગ ન જવાય. જો કોઈ પોતાની શક્તિ પ્રમાણે થોડાં મહિના સુધી રોજ હોમ કરે તો તેને હોમનું મહત્વ સમજાશે. થોડાં મહિના સુધી હવન કર્યા પછી સમજાશે કે બીજી બધી સાધનાઓ હોમના પરિણામે વધારે કારગત થઈ રહી છે.

**૯. ગેરસમજ :** કર્મકાંડી બ્રાહ્મણ પાસે જ કરાવવો જોઈએ અને પોતાની જાતે હોમ ન કરવો જોઈએ.

**ટીપ્પણી :** આગળ ઉપર આપેલ ઉદાહરણ પાછું જોઈએ. પોતાના માતા પિતા સાથે સારો વ્યવહાર ફકત તેમના પૈસા મેળવવા માટે કરનાર સંતાન ને શક્ય છે, કે કોઈ ત્રીજી વ્યક્તિની જરૂર પડે કે જે તેના વતી માતા-પિતાના પૈસા મેળવવા માટે નું કામ કરે. પણ જો કોઈ વ્યક્તિની ભાવના ફક્ત માતા-પિતા ને સાચો પ્રેમ કરવાની અને એ દર્શાવવાની હોય તો તે જાતે એ કામ કરશે, અને કોઈ ત્રીજી વ્યક્તિની તેને જરૂર નહીં પડે.

**૧૦. ગેર સમજ :** કોઈપણ મંત્રના હોમ કરતાં પહેલા તે મંત્રના ૧૦ ગણા જાપ કરવાં જોઈએ. ઉ.દા. તરીકે જે તે મંત્ર ના ૧૦૦૦ હોમ કરતા પહેલાં તે મંત્રના ૧૦,૦૦૦ જાપ કરવા જોઈએ.

**ટીપ્પણી :** આ માન્યતા પાયા વગરની નથી. આ માન્યતાનો સાચો અર્થ એ છે કે જપ કરતાં હોમ ૧૦ ગણો વધારે શક્તિશાળી છે. જો કોઈ મંત્રની ૧૦૦૦ આહુતિ આપી હોમ કરે તો એ મંત્ર ના ૧૦,૦૦૦ જપ ની બરોબર છે. જો કાઈ ચાહે તો મંત્રની આહુતિ હોમના અગ્નિમાં આપી શકે. હોમ પહેલા તે મંત્રના જપ કરવાની કોઈ આવશ્યકતા નથી.

બધાં કાયદા અને માન્યતાઓમાં અપવાદો રહેલા છે. જો કોઈ પ્રબળ ભુતાગ્નિ ધરાવતાં ઋષિ જપ કરે તો એ હોમ કરવાની બરાબર છે અને "૧૦ ગણા" નો કાયદો અહીં લાગું ન પડે. તેમ છતાં મોટા ભાગનાં સામાન્ય માણસો માટે હોમ એ જપ કરતાં ૧૦ ગણો વધારે શક્તિશાળી છે. મુળભુત વાત એ છે કે "દૈવી શક્તિ" નો આવિર્ભાવ કરવાના માધ્યમની ક્ષમતા અને શુધ્ધતા એ મંત્રની સચોટતા નક્કી કરે છે.

**૧૧. ગેરસમજ :** મહાગણપતિ નો મુળ મંત્ર નીચે પ્રમાણે છે.

।। ૐ શ્રીં  હ્રીં કલીં ગ્લૌં ગં ગણપતયે વરવરદ સર્વજનં મે વશમાનય સ્વાહા ।।

ઉપર આપેલ બીજ મંત્રમાં "સર્વ જનં મે વશમાનય" નો અર્થ થાય છે, "બધાં લોકો મારા વશમાં આવે" આ રીતે આ મંત્ર બીજા લોકો ને વશ કરવા માટેનો સ્વાર્થ ભરેલો મંત્ર છે. આ રાજસિક/ તામસિક મંત્ર છે અને સાત્વિક રહેવા માંગતા અને આત્મજ્ઞાનની ભાવના રાખતા સાધકો માટે બીન ઉપયોગી છે.

**ટીપ્પણી :** ચાલો આપણે આ મંત્રને સુક્ષ્મ દ્રષ્ટિએ મૂલવીએ. "ૐ" કાર એ પ્રણવ છે - બધાનું મુળ. એ બ્રહમનો વાચક છે. "શ્રીં" એ લક્ષ્મી બીજ છે અને ખુશહાલી અને સર્વ પ્રકારનાં કુશળ

મંગળ નું  દ્યોતક છે. “હ્રીં ” એ મહાકાલી બીજ છે અને માયા બીજ તરીકે પણ ઓળખાય છે. એ સંપૂર્ણ જગત અને તેનું ધારણ દર્શાવે છે. “કલીં ” મહાસરસ્વતી બીજ છે અને કામ બીજ તરીકે પણ ઓળખાય છે. “ગ્લૌં” બીજ માનો “ગ” એ ગણપતિ નો દ્યોતક છે એની સાથે “લ” અને “ઔં” જોડાય છે. “ર” અને “લ” નું અક્ષરો સાથેનું જોડાણ કરીએ ત્યારે આપણે તેમને ક્રમશઃ “પિંગલા” અને “”ઈડા” દ્વારા કાર્યરત કરીએ છીયે એટલે ક્રમશઃ જ્ઞાન અને સમર્પણ.

છેલ્લે જોડાયેલો (ઔં) સ્વર સે મહેશ્વર નો દ્યોતક છે અને અંધકારનો નાશ દર્શાવે છે. એટલે એકદંરે “ગ્લૌં” બીજ વ્યક્તિને ગણપતિ પાસે સમર્પિત કરે છે અને એ સમર્પણ દ્વારે અંતરના અંધકાર નો નાશ કરે છે. મંત્ર માં પછી આવતું “ગં” બીજ ગણપતિના સાક્ષાત્કારનું દર્શક છે.
“ગણપતયે” નો અર્થ છે “ગણપતિને”,
“વરવરદ” નો અર્થ છે “સર્વોત્તમ ફળ આપનાર સર્વોતમ દાતા”,
”સર્વ જનં ”નો અર્થ છે ”બધાં જીવો”
”વશમાનય” નો અર્થ છે ”વશમાં કરવા”

આપણે અહીં એક કે બે જણ ને વશમાં કરવાની વાત નથી કરતાં પણ સર્વ ને વશમા કરવાની વાત કરીએ છીએ. અહીં એ વાત યાદ રાખવી ઘટે કે આપણે દરેક સંપૂર્ણ બ્રહ્માંડનાં સુક્ષ્મ સ્વરૂપ છીએ અને બ્રહ્માંડના જુદા જુદા જીવો આપણાં જ જુદા જુદા પાસા દર્શાવે છે. તેથી આપણે ખરેખર તો આપણાં દરેક વિચારો પર, દરેક ઈચ્છાઓ પર, દરેક કાર્યો પર સંપૂર્ણ કાબુ મેળવવાની વાત કરીએ છીએ. સર્વ ઉપર વશ કરવાંનો સાચો અર્થ છે સ્વભાવ ઉપર સંપૂર્ણ વશ. પોતાના ઉપર પૂર્ણ કાબુ.

આ મંત્ર દ્વારા આપણે ખરેખર કહીએ છીએ કે મહાગણપતિ જે સ્વંય બ્રહ્મના દ્યોતક છે તથા મંગળતાના અને સમસ્ત સંસારની કુશળતાના દ્યોતક છે. આપણે એ મહાગણપતિ પાસે સંપૂર્ણ સમર્પણ કરવાની ભાવના રાખીએ છીએ કે જે અંધકારનો નાશ કરે છે અને મહાગણપતિના તત્વની સમજ આપે છે. તેથી આપણે આપણાં સ્વભાવ પર સંપૂર્ણ કાબુ મેળવી શકીએ છીએ.

આ મંત્ર ખુબ જ સાત્વિક મંત્ર છે. આપણાંમાં રહેલાં રજસ અને તમસનો નાશ કરનાર છે. મહાગણપતિ માટેની ભક્તિ આપે છે અને તેમના મૂળ તત્વની સમજણ આપે છે, જેનો અર્થ બ્રહ્મનું જ્ઞાન અને બ્રહ્મ માંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માંડનું પણ જ્ઞાન.

## મહાગણપતિ હોમ શા માટે ?

મહાગણપતિ હોમ દરેક માટે આવકાર્ય છે. ગણેશજી મુલાધાર ચક્રમાં વસે છે. આ બધાં ચક્રો સૂક્ષ્મ શરીરમાં આવેલા છે અને તેઓ જુદા જુદા આંતરિક વિશ્વોના દર્શક છે કે જ્યાં ચેતના શક્તિ વસવાટ કરી શકે છે. મુલાધાર ચક્ર એ ભૌતિક વિશ્વનું દ્યોતક છે જયારે ઉપરનાં ચક્રો એક પછી એક ઉચ્ચ કક્ષાના વિશ્વોના દ્યોતક છે. મુલાધાર ચક્રમાં વાસ ને કારણે ગણપતિ સાધકનાં ભૌતિક કુશળ મંગળનું ધ્યાન રાખે છે.

ગણેશજી સુષુમ્ણા નાડીનું મુખ ખોલવાનો પણ અધિકાર ધરાવે છે કે જે મુલાધાર ચક્રમાં આવેલી છે. નાડીઓ એ સુક્ષ્મ શરીરમાં રહેલી શક્તિના સંચાર માધ્યમો છે. સુષુમ્ણા નાડી ઘણાં જુદા જુદા વિશ્વો અને તેમાં રહેતાં જીવોને સુક્ષ્મ સ્વરૂપમાં સમાવે છે. સામાન્ય માણસની ચેતના શક્તિ મોટાભાગે મુલાધાર ચક્ર સુધી જ સીમીત હોય છે. એટલે તે ભૌતિક જગત સુધી. જયારે આ ચેતના શક્તિ સુષુમ્ણા નાડી માં પ્રવેશ કરીને ઉપર જાય છે અને ત્યાં આવેલા જુદા જુદા અગોચર વિશ્વો અને તેમાં વિચરતાં જીવોનો અનુભવ થાય છે. આમાં દેવોનો પણ અનુભવ થાય છે. વ્યક્તિને દેવો અને દેવીઓનો સાક્ષાત્કાર ત્યારે જ થઈ શકે જ્યારે તેની ચેતનાશક્તિ સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરી ને ઉચ્ચકક્ષાનાં ચક્રો સુધી પહોંચે.

શ્રી ગણેશ સુષુમ્ણા નાડીના મુખના રખેવાળ હોવાથી વ્યક્તિને થતાં દેવ-દેવી ઓ અને જુદા જુદા લોકોનાં આધ્યાત્મિક અનુભવોનું નિયમન કરે છે.

આશ્ચર્ય ની વાત નથી કે શાસ્ત્ર ગણપતિનું પ્રથમ પૂજન કરવાનું કહે છે. ગણેશ ભગવાન ભૌતિક જગત અને સાથે સાથે ઉચ્ચતમ આધ્યાત્મિક વિશ્વોના પ્રવેશદ્વારનું નિયમન કરવાને કારણે તેમનો હોમ સાધક માટે ઘણો ઉપયોગી છે. ગણપતિ હોમ સાધકની આધ્યાત્મિક ઉન્નતીનો માર્ગ મોકળો કરી આપે છે અને સાથે સાથે તેની ભૌતિક જરૂરીયાતોનું પણ ધ્યાન રાખે છે. આમ મહાગણપતિ હોમ એ દરેક માટે આવકાર્ય છે.

## આ પ્રત વિષે

આ પ્રત મહાગણપતિ હોમ કરવાની લઘુ પધ્ધતિનું વર્ણન કરે છે, કે જેમાં ૪૦-૪૫ મીનીટ લાગે. આ પ્રત એવા સાધકો માટે છે જેઓ મહાગણપતિ હોમ દરરોજ કે દર અઠવાડિયે કે દર મહીને કરવામાં રસ ધરાવતાં હોય. અહીં આપવામાં આવેલી લઘુ પધ્ધતિ ઘણી સરળ છે, જે દરરોજ કરી શકાય અને તેમ છતાં તે મોટાં પાયે થતાં હવનનાં બધાંજ મહત્વના પાંસાઓને સાંકળી લે છે. જેઓ સંસ્કૃત ભાષામાં ઘણાં જ નબળાં હોય અને જેઓને હજી વધારે સરળ પધ્ધતિની જરૂર લાગે જેમાં લઘુત્તમ મંત્રો આવે તો તેઓ એ “અનુસંધાન બ” માં આપેલ “અતિ લઘુ પધ્ધતિ” ને અનુસરવી.

હોમ કરનાર વ્યક્તિએ પહેલા વડીલો અને ગુરૂઓની પાસેથી આજ્ઞા લેવી જોઈએ. જો કોઈ વ્યક્તિ રોજ કે અઠવાડીયે એક વાર હોમ કરવાનું નક્કી કરે અને તેને કોઈ બીજી રીત ન આવડતી હોય તો તે આ પ્રતમાં આપેલી પધ્ધતિનું અનુસરણ કરી શકે છે. આ પ્રતમાં આપેલા હોમની પધ્ધતિ એ ઘણી પ્રચલિત પધ્ધતિઓમાંથી એક છે. જો કોઈ ના ગુરૂએ તે વ્યક્તિ ને હોમ કરવાની જુદી પધ્ધતિ શીખવાડી હોય તો તે વ્યક્તિ તે પ્રમાણે હોમ કરી શકે છે. આ પ્રત એવા લોકો માટે છે જેઓને હોમ કરવામાં ખુબ રસ છે પણ જેઓ હોમ કરવાની એક પણ પધ્ધતિ જાણતાં નથી.

## શરીરના અંગો અને મનનું અત્યંત ચંચળ હોવું

થોડાં લોકો ધ્યાનમાં બેસે ત્યારે ઘણું હલન ચલન કરે છે. આગળ ઉપર જણાવ્યા પ્રમાણે, દરેક સાધનાનો હેતુ મનને શાંત કરીને તેમાં શુન્યાવકાશ (ખાલી પણું) ઉત્પન્ન કરવાનું છે કે જેથી આરાધ્ય દૈવી શક્તિ એ શુન્યાવકાશને ભરી દઈ શકે. વ્યક્તિએ શરીર ભાન ભુલાવી દેવાનું છે. ધ્યાન કરતી વખતે કરોડરજજુને ટટ્ટાર રાખી (વધારે તાણ આપ્યા વગર) હલનચલન થંભાવી દેવું જોઈએ. જો હલનચલન વગર આ આસનમાં બેસવું ઘણા લાંબા સમય માટે અઘરૂં હોય તો કમસે કમ થોડાં સમય પુરતું તો બેસવું જ જોઈએ. આંખો બંધ રાખવી હિતાવહ છે. વ્યક્તિ પોતાના મનનું ધ્યાન આરાધ્ય દેવતા (દેવી) કે પછી મંત્રના ધ્વનિ પર કેન્દ્રીત કરી શકે છે.

એવી જ રીતે હોમ કરતી વખતે પીઠ સીધી રાખવી અને શરીરનું હલન-ચલન (એકદમ ઓછું અને જરૂર પુરતું) રાખવું ખુબ હિતવાહ છે. ખાસ કરીને પીઠનું હલન-ચલન ન કરવું અને માથું સીધું રાખવું એ આદર્શ રીત છે.

જો શરીર સ્થિર હશે તો અમુક ક્ષણો માટે પણ મનની સ્થિરતા રહેવાની શક્યતા થોડી ઘણી તો રહેશે. છેવટે તે જ તો હેતું છે.

## સાચો અભિગમ

હોમ કરવાની રીતને શ્રધ્ધાથી અનુસરવું સારૂં તો છે જ પણ તેનાથી વધું મહત્વનું છે ભગવાન સામેનું આત્મ સમપર્ણ. અહંકારને ઓગાળીને અગ્નિમાં પધારેલ દૈવી શક્તિ સાથે ઐક્યનો અનુભવ કરવો જોઈએ. જો આવો અભિગમ હોય તો હોમ કરતી વખતે થતી નાની નાની ભુલોની કોઈ માઠી અસર નહીં થાય પણ જો આવો અભિગમ નહિં હોય તો સંપૂર્ણ રીતે કર્મકાંડની કોઈ પણ ખામી વગર કરાયેલાં હવનનું પણ કશું દેખીતું ફળ નહીં મળે. જેમ વારંવાર કહેવામાં આવ્યું છે કે હેતું અહંકારને  ઓગાળીને અંતરમા શુન્યાવકાશ સર્જવાનો છે જેથી આપણું અંતર દૈવી શક્તિના પ્રકાશથી ઓતપ્રોત થઈ જાય.

હોમ ના દેવ/મંત્ર/રીત પર શ્રધ્ધા ભક્તિ, એકનિષ્ઠતા અને શરીર - મનનું અત્યંત ઓછું હલન-ચલન રહે તો પછી વ્યક્તિ આ હેતું સિધ્ધ કરી શકે છે.

જો કોઈનું મન ખુબ જ કાર્યરત રહેતું હોય તો હોમ કરતાં પહેલાં પ્રાણાયામ કરવો ઉપયોગી રહેશે. સુર્યોદયની આસપાસનો સમય મહાગણપતિ હોમ નો આદર્શ સમય છે.

## જરૂરી સામગ્રી

- હોમ કુંડ (તાંબા થી બનાવેલ અને શક્ય હોય તો ચોરસ આકારનો). જો હોમકુંડ ન મળી શકે તો જમીનમાં ચોરસ ખાડો કરી શકાય (૧-૨ ફુટ ની બાજુમાં અને ૧/૨ થી ૧ ફુટ ઉડો) અને ઈંટોના સ્તર ખાડાની ચારે બાજુ જમીન ઉપર ગોઠવીને કુંડ તૈયાર કરી શકાય. આ કુંડ મુલાધાર ચક્રનો ધોતક છે.
- સુકા ખોપરાની વાટીઓ અથવા હવન માટે લાકડાં
- ગાયનું ઘી. જો વિદેશમાં તે ન મળી શકે તો 'બટર' ને ધીમા તાપે ઓગાળવું. એકદમ ઓગળી ગયા પછી ઉપર થયેલી કાળી છાજલી કાઢી લેવી અને બચેલું પ્રવાહી ઘી તરીકે વાપરવું.
- લાકડાંની લાંબી ચમચા જેવી વસ્તુ (શ્રૃક / સુવા). જેનાથી ઘી ની આહુતિ આપી શકાય.
- થોડાં ચોખામાં ચપટી હળદર અથવા કંકુ અને ઘીનું ટીપુ નાખીને મિશ્રણ બનાવવું
- ઘી કે તલનાં તેલથી પુરેલો દીવો.
- માચીસ (દિવાસળી નું પેકેટ)
- ચાંદી અથવા તાંબા અથવા માટીનું નાનું વાસણ (ટમ્બલર) કે જેમાં પાણી રાખી શકાય. જો એવું ન મળે તો કાચ કે સ્ટીલનું વાસણ વાપરવું.
- ચાંદી કે તાંબાની ચમચી (અથવા કોઈ પણ ધાતુની ચમચી)
- થોડું પાણી

## વૈકલ્પિક સામગ્રી

- ગણપતિની નાની પ્રતિમા (મૂર્તિ). જો એ ન હોય તો ધાતુનો સિક્કો લઈ શકાય. ખરેખર તો કોઈ પણ પ્રતિમા કે સિક્કા વગર ચાલી શકે, મહાગણપતિનું આહવાહન ફક્ત અગ્નિમાં જ કરી શકાય.
- હવન સામગ્રી તરીકે મળતું ભુસું (કોઈ પણ પુજા સામગ્રીની દુકાન માં મળી શકે).
- હળદર, કંકુ અને ચંદન
- થોડાં ફુલો અને પાંખડીઓ
- થોડાં તલ, મમરા, સુકો મેવો અને આવી સામગ્રી કે જેની આહુતિ આપી શકાય. થોડા નાના ફળો અને મધનો વપરાશ પણ કરી શકાય. પણ આ બધું વૈકલ્પિક છે. મુખ્ય જરૂરી સુકુ ખોપરૂં અને ઘી છે.
- થોડાં દર્ભ (પવિત્ર ઘાસ). જો દર્ભ ન મળી શકે તો કોઈ પણ સુકુ ઘાંસ વાપરવું અને દેવતા ને વિનંતી કરવી કે એનો દર્ભ તરીકે સ્વીકાર કરે.
- અગરબત્તી (ધુપ સળી)
- કપુર અને કપુરની આરતી કરી શકાય એવું વાસણ
- ભગવાન ને ભોગ ધરાવવા માટે પ્રસાદ. ઇંડા, માંસ, માછલી, દરિયાઈ ખાદ્ય સામગ્રી નો ઉપયોગ કરવાનો નિષેધ છે. ખરેખર તો હોમ કરવાનાં દિવસે ઈંડા, માંસ, માછલી વગેરે નો ભોજનમાં પણ ઉપયોગ ન કરવો. કાંદા, લસણ, વધારે પડતા મસાલા, ઘણાં પ્રમાણમાં મરચા વગેરે નો પણ ઉપયોગ ભગવાનને ધરાવતા પ્રસાદમા ના કરવો. ફળોનો પ્રસાદ પણ ચાલી શકે. ફકત સાકર, પતાશા, ખડી સાકર કે ગોળ નો પ્રસાદ પણ ધરાવી શકાય. સાકર માટે એક વિગત યાદ રાખવી ઘટે કે આજ કાલ વપરાતી સફેદ સાકર માં હાડકાનો ચુરો ભળેલો હોય છે. બ્રાઉન સ્યુગર, શાકાહારી સાકર કે ગોળ નો વપરાશ વધારે આવકાર્ય છે.
- દુધ જો મળી શકે તો

## હોમ શરૂ કરવા પહેલાની પૂર્વ તૈયારીઓ.

૧) હોમ કુંડ ને સીધો જમીન ઉપર મુકવા કરતાં જમીન ઉપર લાકડાંનું પાટીયું કે પાટલો મુકી તેના પર ૪ ઈંટો ગોઠવી અને તેના પર કુંડ મુકવાથી જમીન ગરમ નહી થાય.

૨) જો સરળતાથી સાફ સફાઈ કરવી હોય તો પાટીયાની ઉપર અને આજુ-બાજુ ના વિસ્તારમાં એલ્યુમીનીયમ ફોઈલ પાથરી દેવી. ઘી વગેરે પદાર્થો એના પર ઢોળાયા હોય તો સરળતાથી તે સાફ કરી શકાય.

૩) કુંડની અંદરની બાજુ ઓ પર પણ એલ્યુમીનીયમ ફોઈલ લગાડી શકાય કે જેથી કુંડ ને સાફ કરવો ઘણો સરળ પડે. પણ શક્ય હોય તો એલ્યુમીનીયમ ફોઈલ નો વપરાશ ટાળવો જોઈએ.

૪) ભગવાન ને ધરાવવાની વસ્તુ ઓ તૈયાર રાખવી જેવી કે પ્રસાદ માટે રાંધેલી સામગ્રી અથવા સાકર, ગોળ સુકોમેવો, કીશમીશ વગેરે. (આનાં પહેલાના ભાગમાં વિગતવાર આપેલ છે. તે વાંચી જવું)

૫) બલી માટે થોડા ભાત રાંધવા. જો તે ન શઈ શકે તો કોઈપણ ખાવા લાયક ફળ નાં ૬ ટુકડા કરી રાખવા.

૬) તાંબાના વાસણ / કળશ માં પાણી ભરી રાખવું.

૭) તમાંરા બેસવા માટે આસન પાથરવું. આદર્શ રીતે તમારે પૂર્વ તરફ મુખ કરી બેસવું. તમારી સામે હોમ કુંડ રાખવો અને તેનાથી પૂર્વ દિશા તરફ એક લાકડાંનો પાટલો ગોઠવીને તેના ઉપર ચોખાની નાની ઢગલી કરવી. આ ઢગલી ઉપર ગણપતિની મુર્તિ કે સિક્કો રાખવો. શણગાર દરેક વ્યક્તિના રસ ઉપર નિર્ભર છે, મૂર્તિ કે સિક્કો ન હોય તો ચાલે. ગણપતિનું આહવાહન અને પુજા સિધી અગ્નિમાં તો થવાંની જ છે.

૮) હોમ કુંડના પશ્ચિમ કિનારે ના મધ્ય ભાગથી શરૂ કરી ને તમારા આસન ને જોડે એવી બે સમાંતર રેખાઓ કંકુથી દોરવી. આ રેખાઓ પૂર્વ-પશ્ચિમ જશે અને હવન કુંડ અને આસનને જોડશે. ઓગળેલું ઘી ભરેલો વાટકો આ બન્ને રેખાઓ ઉપર મુકવો.

૯) સુકો ખોપરાની વાટકીનાં ટુકડા કરવા. સરળ ઉપાય એ છે કે ખોપરાની વાટકીને બન્ને હાથોની હથેળીઓ વચ્ચે રાખી ને ભીંસ આપવાથી આપોઆપ એના ૩ થી ૪ ટુકડા થઈ જાય છે જે સીધા હોમમાં વાપરી શકાય. ચાકુ-છરી ની જરૂર નહીં પડે.

૧૦) મહત્વનું સુચન :- હોમ કરવાનાં ૩ થી ૪ કલાક પહેલા સુધી કંઈ પણ ભોજન ગ્રહણ ન કરવું. પેટ લગભગ ખાલી રાખવું. (કમ સે કમ ૧ કલાક તો રાખવો જ) હોમની શરૂઆત પહેલા જાજરૂ કે લઘુશંકા કરી લેવી અને સ્નાન કરી લેવું. હોમનાં સર્વોત્તમ અનુભવ માટે જઠર ખાલી હોવું અગત્યનું છે.

## હોમની રીત :

### આજ્ઞા

હોમની શરૂઆતમાં મનથી ધરતી માતાનો જે આપણોં ભાર ઝીલે છે, વિઘ્ન દુર કરનાર ગણેશનો, ઇષ્ટ દેવતાનો, માતા-પિતાનો, ગોત્રના ઋષિનો, સર્વ ઋષિઓનો અને બધાં સદ્‌ગુરૂઓનો વિચાર કરીને માનસિક પ્રણામ કરવા અને હોમ કરવાની આજ્ઞા માંગવી.

પછી નીચે નો મંત્ર બોલવો અને મનમાં સર્વ દેવ-દેવીઓને હવનમાં સહાય કરવાની વિનંતી કરવી.

ૐ ઋધ્ધયાસ્મ હવ્યૈર્નમસોપસદ્ય । મિત્રં દેવં મિત્રધેયં નો અસ્તુ ।
અનુરાધાન હવિષા વર્ધયન્તઃ । શતંમ્ જીવેમ શરદઃ સવીરાઃ ।

જો તમારી પાસે પવિત્રી (દર્ભ થી અથવા ખાસ રીતે બનાવેલી ધાતુની વીંટી) પહેરી લેવી. જો પવિત્રી ન હોય તો કોઈ પણ વીંટી ઇષ્ટ દેવ ને પ્રાર્થના કરી ને અનામિકા આંગળીમાં પહેરવી. જો વીંટી ન મળે તો તેના વગર જ આગળ વધવું.

### આચમન

પાણી ભરેલા તરભાણાંમાંથી ચમચી દ્વારા જમણી હથેળીમાં પાણી લેવું. પાણીનું આચમન કરતી વખતે નીચે આપેલો મંત્ર બોલવો. બીજી વાર પાણી હથેળીમાં લઈને આચમન કરવું અને ત્યારે બીજો મંત્ર બોલવો. ત્રીજી વખતે પણ એમ જ કરવું અને ત્રીજો મંત્ર ઉચ્ચારવો. આ ક્રિયા કરતી વખતે એવી કલ્પના કરવી કે અંતરમાં રહેલા ભગવાન શ્રી વિષ્ણુ આ પાણીનું આચમન ગ્રહણ કરે છે.

ૐ કેશવાય સ્વાહા । ૐ નારાયણાય સ્વાહા । ૐ માધવાય સ્વાહા ।

## વિઘ્નેશ્વર પુજા

હોમના અનુષ્ઠાનમાં કોઈ પણ વિઘ્ન ન આવે એના માટે આપણે શરૂઆત માં ગણેશજી ને પ્રાર્થના કરીએ છીએ. નીચેના શ્લોકો વાચવાં

શુક્લાંબરધરં વિષ્ણું શશિવર્ણં ચતુર્ભુજં ।
પ્રસન્નવદનં ધ્યાયેત્ સર્વ વિઘ્નોપશાન્તયે ।।
અગજાનન પદમાર્કં ગજાનનમહર્નિશં ।
અનેકદં તં ભક્તાનાં એકદન્તં ઉપાસ્મહે ।।
વક્રતુંડ મહાકાય કોટિસૂર્યસમપ્રભ ।
નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાર્યેષુ સર્વદા ।।

મનમાં શ્રી ગણેશજીને સર્વ અંતરાયો દુર કરવાં પ્રાર્થના કરવી. જો તમારી પાસે સમય, શક્તિ અને ઈચ્છા હોય તો તમે હળદરમાં પાણી મેળવી ગણેશની નાની પ્રતિમાં બનાવી અને તેને ષોડશોપચાર થી પુજન કરી શકો છો. પરંતુ ઉપરનાં શ્લોક વાંચીને મનમાં ગણેશની પ્રાર્થના લઘુ પધ્ધતિથી નિયમીત રીતે કરવી તે હોમ માટે પુરતી છે.

## પ્રાણાયામ

ડાબી હથેળીમાં થોડા ચોખા લેવા (જુઓ 'જરૂરી સામગ્રી' નો ભાગ) અને ડાબી હથેળી ને ડાબા પગ ઉપર રાખવી. જમણા હાથની આંગળી ઓથી નાસિકા પકડીને પ્રાણાયામ કરવો. કનીષ્ઠીકા અને અનામીકાને ડાબી નાસિકા પર મુકો અને અંગુઠા ને જમણીં નાસિકા ઉપર રાખો. ડાબી નાસિકાને બંધ કરીને જમણી નાસિકા દ્વારા શ્વાસ અંદર ભરો. આમ કરતી વખતે ગાયત્રીમંત્ર નો જાપ મનમાં કરો. (શ્વાસને મૃદૃતાથી ભરો-અવાજ કર્યા વગર). જો તમને ગાયીમંત્ર આવડતો ન હોય તો નીચે આપેલા મંત્રો માંથી કોઈ પણ એક મંત્ર પ્રણાયામ માટે વાપરો.

ૐ નમો ભગવતે વાસુદેવાય ।   ૐ નમઃ શિવાય ।   ૐ ગં ગણપતયે નમઃ ।

એક વાર મંત્ર બોલ્યા પછી જમણી નાસિકાને અંગુંઠા વડે બંધ કરો અને લીધેલી હવાને અંદર રોકી રાખીને ફરી એકવાર મંત્ર નો માનસિક જાપ કરો. પછી કનિષ્ઠિકા અને અનામિકાની પકડ ઢીલી કરી ને ફરીવાર મંત્ર બોલતી વખતે ડાબી નાસિકા વાટે શ્વાસને બહાર કાઢો.

પછી એકવાર ફરી મંત્ર બોલતી વખતે ડાબી નાસિકાથી શ્વાસ અંદર ભરો પછી બન્ને આંગળી ઓથી ડાબી નાસિકા દાબી દઈને શ્વાસ રોકી રાખતી વખતે પાંચમીવાર મંત્રનો જાપ કરો. પછી અંગુઠાને ઢીલો કરીને છઠ્ઠીવાર કરતી વખતે જમણી નાસિકા દ્વારા શ્વાસ બહાર કાઢો. આમ છ વખત મંત્ર બોલતી વખતે તમે પરબ્રહ્મનું ધ્યાન કરો અને અંદર જતા અને બહાર આવતાં શ્વાચ્છોશ્વાસ ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરો. જો તમને ઠીક લાગે તો તમારા આરાધ્ય દેવ/દેવી ના સ્વરૂપ ની પણ તમે કલ્પના કરી શકો છો. કલ્પના કરો કે તમારા આરાધ્ય દેવતાથી સંપૂર્ણ જગત ઓતપ્રોત છે.

જો તમે ઈચ્છો તો આ પ્રાણાયમ તમે ઠીક લાગે એટલી વાર કરી શકો છો.

## સંકલ્પ

હવે, મહાગણપતિને પ્રસન્ન કરવા માટે હોમનું અનુષ્ઠાન કરવાની તમારી ભાવનાને પ્રકટ કરો. ચોખાને ડાબી હથેળી માંથી જમણી હથેળી માં ફેરવો. ડાબી હથેળી ને જમણાં ખોળા માં મુકો (હથેળી ની રેખા ઓ ઉપરતરફ રહે એ પ્રમાણે) ચોખા રાખેલી જમણી હથેળી ની મુઠ્ઠી વાળી ને તેને ડાબી હથેળી પર મુકો પછી નીચે આપેલો મંત્ર બોલીને મનમાં વિચાર કરો કે તમે તમારી સંપૂર્ણ શક્તિ પ્રમાણે હોમનું અનુષ્ઠાનશ્રી મહાગણપતિ ની પ્રસન્નતાનાં હેતું થી કરી કહયા છો.

ૐ મમોપાત્ત સમસ્ત દુરિતક્ષયદ્વારા શ્રી પરમેશ્વર પ્રીત્યર્થમ્
શ્રી મહાગણપતિ પ્રસાદ સિધ્યર્થમ્ અદ્યશુભદિને શુભમુહૂર્તે
શ્રી મહાગણપતિ હોમકર્મ યથાશક્તિ કરિષ્યે ।

ત્યારબાદ હથેળી માંના ચોખા ને હોમકુંડની સામે અથવા મૂર્તિની સામે પધરાવી દો અને હથેળી પર થોડું પાણી છાંટી દો. ત્યાર બાદ ઘી કે તેલ થી તૈયાર કરેલો દીપક પ્રગટાવો.

## કળશ શુધ્ધિ

જયારે તમે મોટાપાયે હોમ કરતાં હોવ ત્યારે તમે ઈશાન (પૂર્વોત્તર) ખુણામાં કળશનું સ્થાપન કરી ને તેમાં વરૂણ દેવનું આહવાહન કરી શકો છો. વરૂણ દેવની ષોડશોપચાર પધ્ધતિથી પુજા કરીને પુણ્યાહવાચન (પવમાન સુકત) નો પાઠ કરો લઘુ પધ્ધતિથી કરાતાં હોમમાં ફકત નીચે પ્રમાણે કરો.

કળશ કે પાણી ભરેલા પાત્રમાં થોડાં અક્ષત નાખો અને એક ફુલ મુકો (જો હોય તો). પછી ધેનુ મુદ્રા કરી શકતાં હોય તો કરો (ન આવડે તો વાંધો નથી) અને નીચે આપેલા બીજાક્ષરનું ૧૧ વાર ઉચ્ચારણ કરો. આ જળ નાં શુધ્ધીકરણ માટે છે.

| વં |
|---|

હવે નીચેનો શ્લોક વાંચતી વખતે એવી માનસિક ધારણા કરો કે વિશ્વની સમગ્ર પવિત્ર નદીઓ નો અંશ આ પાત્રમાંહે ના પાણી મા સમાઈ રહયો છે.


> ગંગે ચ યમુને ચૈવ, ગોદાવરિ સરસ્વતિ,
> નર્મદે સિંધુ કાવેરિ જલેસ્મિન્ સન્નિધિં કુરૂ।। અમૃતં ભવતુ।।

પછી ફુલ, ફુલની પાંખડી કે દર્ભ કે ચમચી વડે આ પાણી નો છંટકાવ કુંડ, પોતાના શરીર, દેવ પ્રતિમા અને હોમમાં વાપરવાની બધી સામગ્રી ઉપર કરો.

હવે એક દર્ભ લઈને તેના વડે હોમ કુંડ ના તળીયા માં ૬ રેખા દોરો. રેખાઓનો ક્રમ અને દિશા નીચેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે. નીચેની આકૃતિમાં દર્શાવેલા તીરની દિશા એ રેખા દોરવાની દિશા ગણવી આ "૬" રેખાઓ દોરતી વખતે ક્રમશઃ નીચે આપેલા "૬" મંત્રો નો ઉચ્ચાર કરવો.

> ૐ બ્રહ્મણે[૧] નમઃ। ૐ યમાય[૨] નમઃ। ૐ સોમાય[૩] નમઃ।
> ૐ રુદ્રાય[૪] નમઃ। ૐ વિષ્ણવે[૫] નમઃ। ૐ ઈન્દ્રાય[૬] નમઃ।

આકૃતિ - ૧




| અગ્નિ પ્રતિષ્ઠાપન। |
|---|

એક દર્ભ લઈને હોમ કુંડના તળીયે એવી રીતે મુકો કે જેથી દર્ભની અણી (છેડો) પૂર્વ તરફ રહે અને મુખ પશ્ચિમ તરફ રહે. બીજો દર્ભ લઈને હોમ કુંડ ના તળીયે ઉત્તર - દક્ષિણ દિશા તરફ રહે એમ ગોઠવો. (છેડો ઉત્તર તરફ અને મુળ દક્ષિણ તરફ)

કપુરની એક ગોટી લઈને દિવાની જયોતથી પ્રગટાવો અને હોમ કુંડ ના તળીયે વચ્ચે મુકો. આમ કરતી વખત નીચે પ્રમાણે બોલો.

ૐ ભુર્ભુવસ્સુવરોમ્

સુકા ખોપરાનાં એક કે વધારે ટુકડા (અથવા લાકડાંનો ટુકડો અથવા દર્ભ અથવા ગાયના છાણનો ટુકડો) બળતાં કપુર ઉપર જાળવીને એવી રીતે ગોઠવો કે એ બળવા લાગે. કાળજી રાખો કે અગ્નિ ઓલવાઈ ન જાય (જો શરૂઆતમાં અગ્નિ ઓલવાઈ જાય તો ચિંતા કર્યા વગર ફરી પાછો અગ્નિ પ્રગટાવવો અને ઈષ્ટ દેવનુ સ્મરણ કરી લેવું).

પછી અગ્નિ દેવની પ્રાર્થના નીચે આપેલા ઋગવેદ ના મંત્ર થી કરવી. આ મંત્ર દ્વારા આપણે અગ્નિ દેવને વિનંતી કરીએ છીએ, કે તેમના "ક્રવ્યાદ" નામનાં સ્વરૂપને ન પ્રગટાવતા ફક્ત "જાતવેદસ્"નામના શુભ સ્વરૂપે પ્રકટ થઈ ને દેવો ને આહુતિ પહોંચાડે.


ક્રવ્યાદમગ્નિં પ્રહિણોમિ દૂરં યમરાજ્ઞો ગચ્છતુ રિપ્રવાહઃ।
ઈહૈવાયમિતરો જાતવેદા દેવેભ્યો હવ્યં વહતુ પ્રજાનન્।

હવે આપણે અગ્નિના સંસ્કાર કરવાના છે. ઘી ના ૮ ટીપા ની અગ્નિમા આહુતિ આપીને દરેક ટીપાની આહુતિ વખતે નીચેનો મંત્ર બોલવો (૮ વાર )

ૐ ભૂર્ભુવસ્સુવઃ સ્વાહા ।

૨ કે વધારે દર્ભ લઈને આવી ૪ જોડી બનાવો હોમ કુંડ ની ફરતે નીચે દર્શાવેલ આકૃતી - ૨ પ્રમાણે ગોઠવો.

આકૃતિ - ૨




આકૃતિ ૨ માં દર્શાવેલ તીરનું મુખ એ દર્ભના છેડાનું સૂચન કરે છે જયારે ૧ થી ૪ અંકોએ દર્ભોની જોડી મુકવાનો ક્રમ દર્શાવેછે.

હવે ચમચી કે હથેળીમાં પાણી લઈને હોમ કુંડની ચારે તરફ નીચે આપેલા ૪ મંત્રો બોલીને છંટકાવ કરવાનો છે મંત્રોનો ક્રમ અને પાણી છાંટવાની દિશા આકૃતિ ૩ મા દર્શાવી છે.

| |
|---|
| અદિતેનુમન્યસ્વ । અનુમતેઅનુમન્યસ્વ । |
| સરસ્વતેઅનુમન્યસ્વ । દેવ સવિતઃ પ્રસુવ । |

આકૃતિ - ૩




આ બધી કિયા ઓ વખતે કુંડમા ના અગ્નિ ઉપર પણ ધ્યાન રાખો કે જેથી એ ઓલવાઈ ન જાય. હવે અગ્નિ દેવને નીચે આપેલા મંત્રોચ્ચાર સાથે પ્રાર્થના કરો.

| |
|---|
| ચત્વારિ શૃંગાસ્ત્રાયો અસ્ય પાદા દ્વે શીર્ષે સપ્તહસ્તાસો અસ્ય। |
| ત્રિધા બધ્ધો વૃષભો રોરવીતિ મહો દેવો મર્ત્યાઁ આવિવેશ। |
| એષ હિ દેવઃ પ્રદિશો નુ સર્વાઃ પૂર્વો હિ જાતઃ સ ઉ ગર્ભે અન્તઃ। |
| સ વિજાયમાનઃ સ જનિષ્યમાણઃ પ્રત્યંગ્મુખાંસ્તિષ્ઠતિ વિશ્વતોમુખઃ। |
| પ્રાંગ્મુખો દેવ । હે અગ્ને । મમાભિમુખો ભવ। |

હવે મનથી ભગવાન ગણેશ તમારાં ઈષ્ટદેવ (મનગમતાં દેવ) ગોત્રના ઋષિ, સર્વ ઋષિ ગણ તમારાં ગુરૂઓ, સર્વ દેવી દેવતા ઓ અને સચરાચર જગત ને પ્રણામ કરો.


## દીકપાલ પૂજન

હવે થોડાં ચોખાં અને જો હોયતો થોડાં ફુલો લો અને દસ દિશાઓના અધિપતી દેવોને અર્પણ કરો. દરેક દિશાના અધિપતીના નામનો ઉચ્ચાર કરીને અક્ષત અને ફુલ (અથવા ફકત અક્ષત) અર્પણ કરવાના છે.

દસ દિશાઓના અધિપતી પછી અગ્નિ ને અને પોતાના આત્માનું પણ માન કરવાનું છે.

આ કાર્ય વખતે ઉચ્ચારમાં લેવાના દેવોના નામો તેમનો ક્રમ અને દિશા નીચે પ્રમાણે છે.

આકૃતિ -૪




| ક્રમ | અધિપતિ દેવ | દિશા |
|---|---|---|
| ૧. | ૐ ઈન્દ્રાય નમઃ | પૂર્વ |
| ૨. | ૐ અગ્નયે નમઃ | અગ્નિ ખુણો |
| ૩. | ૐ યમાય નમઃ | દક્ષિણ |
| ૪. | ૐ નિઋત્યે નમ : | નૈઋત્ય ખુણો |
| ૫. | ૐ વરૂણાય નમઃ | પશ્ચિમ |
| ૬. | ૐ વાયવે નમઃ | વાયવ્ય ખુણો |
| ૭. | ૐ સોમાય નમઃ | ઉત્તર |
| ૮. | ૐ ઈશાનાય નમઃ | ઈશાન ખુણો |
| ૯. | ૐ બ્રહ્મણે નમઃ | ઉર્ધ્વ (આકાશ તરફ) |
| ૧૦. | ૐ શેષાય નમઃ | અધો (નીચે તરફ) |
| ૧૧. | ૐ અગ્નયે નમઃ | |
| ૧૨. | ૐ આત્મને નમઃ | (ફકત પોતાના હૃદય ને સ્પર્શ કરી ને પ્રણામ કરો) |

## પુર્વાંગમ

હવે આહુતિ આપવાના લાકડાના ચમચા ને એવી રીતે પકડો કે જેથી તેની દિશા વાયવ્ય થી અગ્નિ ખુણા તરફ રહે અને એ રીતે પકડી ને ધીના એક ટીપાથી અગ્નિ માં પ્રજાપતી ભગવાન માટે આહુતિ આપો. આહુતિ આપતી વખતે નીચેનો મંત્ર બોલો.

ૐ પ્રજાપતયે સ્વાહા। પ્રજાપતયે ઈદં ન મમ।

હવે લાકડા ના ચમચાં ને નૈત્રત્ય થી અગ્નિ તરફ રહે એમ પકડી ને ધીના એક ટીપાની આહુતિ અગ્નિમાં નીચે આપેલા મંત્રનું ઉચ્ચારણ કરીને ઈન્દ્ર દેવ માટે આપો.

ૐ ઈન્દ્રાય સ્વાહા। ઈન્દ્રાયેદં ન મમ।

સુચના :

હવે પછી લાકડા નો ચમચો હંમેશા નૈઋત્ય થી ઈશાન તરફ રાખી ને જ બધી આહુતિ ઓ આપવાની છે.

ઈન્દ્રદેવ ને આહુતિ આપ્યાબાદ ધીના એક ટીપાની આહુતિ કુંડ ના ઉત્તર ભાગ માં ઉપરની બાજુ એ નીચે નો મંત્ર ઉચ્ચાર કરીને આપો. આ આહુતિ સોમ દેવ માટે છે.

ૐ સોમાય સ્વાહા । સોમાયેદં ન મમ।

હવે અત્યાર સુધી હોમમાં જાણતાં -અજાણતાં થયેલી ભુલોની માફી માગવા પ્રજાપતિ દેવને પાછી એક આહુતિ અર્પણ કરવાની છે નીચે આપેલ મંત્ર બોલીને.

આરંભપ્રભૃતિ એતત્ક્ષણપર્યન્તાં મધ્યે સંભાવિત સમસ્ત દોષ પ્રાયશ્ચિતાર્થં સર્વ પ્રાયશ્ચિતં હોષ્યામિ ૐ ભૂર્ભુવસ્સુવઃ સ્વાહા । પ્રજાપતયે ઈદં ન મમ।

આ પ્રમાણે પ્રાથમિક આહુતિઓ આપ્યા પછી હોમકર્તા અગ્નિની અંદર પ્રમુખ દેવ ભગવાન ગણપતિનું આહવાહન કરી શકે છે .

ઉપર પ્રમાણે પ્રાથમિક આહુતિઓ આપ્યા પછી અને ગણપતિનું આહવાહન કરતાં પહેલાં, હોમ કર્તા, જુદા જુદા ઋષિ ઓને પણ આહુતિ અર્પણ કરી શકે છે.

ઉદા. તરીકે - હોમ કર્તા પોતાના ગૌત્ર ના ઋષિ ને આહુતિ અર્પણ કરી શકે. પણ આ જરૂરી નથી અને પ્રત્યેક વ્યકિતની ઈચ્છા ઉપર નિર્ભર છે.

## પ્રાણપ્રતિષ્ઠાપના

હવે આપણે દેવતાનું પ્રતિમા અને અગ્નિમાં આહવાહન કરવાનુ છે. તમને જો અંગન્યાસ અને કરન્યાસ કરવાનું જ્ઞાન હોયતો નીચે આપેલ વાંચતી વખતે તે કરવા અને જો ન જાણ હોય તો ફકત નીચેના શ્લોકો વાંચી જવા.

અસ્ય શ્રી મહાગણપતિ પ્રાણ પ્રતિષ્ઠાપન મંત્રસ્ય ગણક ઋષિ :
નિચૃદગાયત્રી છન્દઃ શ્રી મહાગણપતિર્દેવતા । ગ્લાં બીજં । ગ્લીં શકિતઃ। ગ્લૌં કીલકં ।
ગાં અંગુષ્ઠાભ્યાં નમઃ । ગીં તર્જનીભ્યાં નમઃ। ગૂં મધ્યમાભ્યાં નમઃ। ગૈં અનામિકાભ્યાં નમઃ।
ગૌં કનિષ્ઠિકાભ્યાં નમઃ । ગઃ કરતલ કરપૃષ્ઠાભ્યાં નમઃ । ગાં હૃદયાય નમઃ।
ગીં શિરસે સ્વાહા। ગૂં શિખાયૈ વષટ્। ગૈં કવચાય હું। ગૌં નેત્રત્રયાય વૌષટ ।
ગઃ અસ્ત્રાય ફટ્ । ભૂર્ભુવસ્સુવરોમિતિ દિગ્બંધઃ ।

હવે દૈવિ શકિતનું આહવાહન અગ્નિ અને પ્રતિમામાં નીચે આપેલા મંત્રથી કરવું આ મંત્ર બોલતી વખતે એવી કલ્પના કરો કે મહાગણપતિ જે તમારા હૃદયમાં વિરાજે છે, એ અગ્નિ અને પ્રતિમામાં પધારી રહ્યા છે.

ૐ આં હ્રીં ક્રોં યં રં લં વં શં ષં સં હં ળં ક્ષં ।
ૐ હંસઃ સોહં સોહં હંસઃ । શ્રી મહાગણપતેઃ પ્રાણ ઈહ પ્રાણઃ ।
જીવ ઈહ સ્થિતઃ સર્વેન્દ્રિયાણિ વાઁગ્મનશ્ચક્ષુઃ ક્ષોત્ર જિહવાઘ્રાણ પ્રાણાપાનવ્યાનોદાન
સમાનાઃ ઈહૈવાગત્ય સુખં ચિરં તિષ્ઠન્તુ સ્વાહા ।
સાન્નિધ્યં કુર્વન્તુ સ્વાહા। અસુની તે પુનરસ્માસુ ચક્ષુઃ પુનઃ પ્રાણમિહ નો દેહિ ભોગં ।
જયોકપશ્યેમ સૂર્યમુચ્ચરન્ત મનુમતે મુળયાનઃ સ્વસ્તિ। આં હ્રીં ક્રોં ક્રોં હ્રીં આં।
આં હ્રીં ક્રોં ક્રોં હ્રીં આં। આં હ્રીં ક્રોં ક્રોં હ્રીં આં। આં હ્રીં ક્રોં ક્રોં હ્રીં આં।
ૐ શ્રી મહાગણપતિ પ્રાણશકત્યૈ નમઃ ।

હવે નીચે પ્રમાણે વાંચો અને વાંચતી વખતે જો જાણતા હો તો આવાહની, સંસ્થાપની, સન્નીધાપની, સંન્નીરોધિની અને અવકુંઠન મુદ્રાઓ કરો અને જો મુદ્રાઓ ન જાણતા હો તો ચિંતા કર્યા વગર ફકત વાંચી જાઓ.

આવાહીતો ભવ । સ્થાપિતો ભવ । સન્નિહિતો ભવ। સન્નિરૂધ્ધો ભવ।
અવકુંઠિતો ભવ। દેવ પ્રસીદ પ્રસીદ । દેવ સર્વ જગન્નાથ યાવધ્ધોમાવસાનકમ્।
તાવત્ત્વં પ્રીતિભાવેન મૂર્તો અગ્નૌ ચ સન્નિધિં કરૂ।

આમ ઉપર પ્રમાણે બોલતી વખતે મનમાં ગણપતિને પ્રાર્થના કરો અને હોમ સંપૂર્ણ થાય ત્યાં સુધી તેમને અગ્નિ અને પ્રતિમામાં વસવા માટેની વિનંતી કરો.

## પંચોપચાર પુજા

હવે આપણે પાંચ ઉપચારોથી મહાગણપતિનું અગ્નિ અને પ્રતિમામાં પૂજન કરવાનું છે. સાધક પાંચ ઉપચારોથી અથવા ૧૬ ઉપચારોથી (ષોડષોપચાર) અથવા ૬૪ ઉપચારોથી પૂજન કરી શકે છે. સરળ પધ્ધતિ માટે આપણે હોમમાં પંચોપચાર પુજા કરવા ઉપર ભાર મુકીયે છીએ. જો કોઈ સાધક પાસે સમયનો અભાવ ન હોય અને ષોડશોપચાર વિધીથી પૂજન કરવા ઈચ્છે તો જોડાણ "ક" માં દર્શાવેલ પધ્ધતિનું અનુસરણ કરે અને આ ભાગને છોડી દે.

નીચે પ્રમાણે બોલીને ચંદન/હળદર/કંકુ ને અગ્નિ અને મૂર્તિ ઉપર ચઢાવો

લં પૃથિવ્યાત્મને નમઃ ગન્ધં સમર્પયામિ ।

નીચે પ્રમાણે બોલતી વખતે ફુલ કે ફુલની પાંખડી મહાગણપતિને અગ્નિ અને પ્રતિમા માં અર્પણ કરો

હં આકાશાત્મને નમઃ પુષ્પં સમર્પયામિ ।

ધુપસળી પ્રગટાવીને તેનાં ધૂપ થી મહાગણપતિનું અગ્નિ અને પ્રતિમાનું નીચે પ્રમાણે બોલીને પુજન કરો.

યં વાય્વાત્મને નમઃ ધૂપં આઘ્રાપયામિ ।

નીચે પ્રમાણે બોલીને દિપકથી મહાગણપતિનું અગ્નિ અને પ્રતિમાનું પુજન કરો.

રં અગ્ન્યાત્મને નમઃ દીપં દર્શયામિ।

નીચે પ્રમાણે કહીને મહાગણપતિને પ્રસાદ ધરાવવો, ચપટીભર પ્રસાદ અગ્નિમાં મુકવો અને બાકી નો પ્રતિમાની સામે મુકવો, જો તમે પ્રસાદ તરીકે અન્ન રાંધ્યુ હોય તો તમે હવનના અંતમા પ્રસાદ ધરાવી શકો છો. નૈવેદ્ય માટેનો શ્લોક ફરી પાછો અંતના ભાગમા આવશે.

વં અમૃતાત્મને નમઃ નૈવેદ્યં સમર્પયામિ।

નીચે પ્રમાણે બોલીને અક્ષત (ચોખા) થી મહાગણપતિનું પુજન અગ્નિ અને પ્રતિમા દ્વારા કરો આ મંત્રનો અર્થ થાય છે કે આપણે સર્વપ્રકારનાં ઉપચારોથી પુજન કરીએ છીએ.

સં સર્વાત્મને નમઃ સર્વોપચારાન્ સમર્પયામિ।

## દશઘા વિભકત મુળ મંત્ર (મુળ મંત્ર ના ૧૦ ભાગ)

હવે આપણે મુળમંત્રના ૧૦ ભાગો માટે ધીનાં ૧૦ ટીપાંથી ૧૦ આહુતિઓ અર્પણ કરવાની છે નીચેના ૧૦ ભાગો વાંચો અને દરેક ભાગની છેલ્લે ધીનાં ટીપાંની અગ્નિમાં આહુતિ આપો.

ૐ સ્વાહા। ૐ શ્રી ંસ્વાહા। ૐ શ્રી ંહ્રી ંસ્વાહા । ૐ શ્રી ંહ્રી ંકલીં સ્વાહા ।
ૐ શ્રી ંહ્રી ંકલીં ગ્લૌં સ્વાહા । ૐ શ્રી ંહ્રી ં કલીં ગ્લૌં ગં સ્વાહા।
ૐ શ્રી ં હ્રી ં કલીં ગ્લૌં ગં ગણપતયે સ્વાહા ।
ૐ શ્રી ં હ્રી ં કલીં ગ્લૌં ગં ગણપતયે વરવરદ સ્વાહા ।
ૐ શ્રી ં હ્રી ં કલીં ગ્લૌં ગં ગણપતયે વરવરદ સર્વજનં સ્વાહા ।
ૐ શ્રી ં હ્રી ં કલીં ગ્લૌં ગં ગણપતયે વરવરદ સર્વજનં મે વશમાનય સ્વાહા ।

## મહાગણપતિ મંત્રો

હવે તમે ઈરછો તેટલા મહાગણપતિના મંત્રોની આહુતિ અપર્ણ કરી શકો છો. દરેક મંત્રની ૪/૮/૧૨/૨૧/૨૮/૧૦૮/૧૦૦૮ વખત આહુતિ આપવાનું સૂચન કરીએ છીએ.

દરેક મંત્રના અંતમાં નીચે પ્રમાણે બોલવું (જો તે મંત્રમાં પહેલે થી જ ન સમાયેલું હોય) અને પછી અગ્નિમાં આહુતિ આપવી .

## સ્વાહા

દરેક મંત્રની છેલ્લી આહુતિ આપતી વખતે ઉપર પ્રમાણે ન બોલતા નીચેનો શબ્દ વાપરવો (આનાં પછી બીજા મંત્ર ની આહુતિ શરૂ થઈ શકે)

## વૌષટ્

આહુતિ ધીનાં ટીપાંથી, તલથી અથવા હવન સામગ્રીથી અથવા સુકા ખોપરાનાં ટુકડાથી અથવા દર્ભના ટુકડાથી આપી શકાય. જો તમે મોટા પાયે વિશાળ અગ્નિ દ્વારા હવન કરતાં હોવતો તમે આહુતિમાં કેળાનાં ટુકડા, આખા લીલા નાળિયેર, અલગ અલગ ફળો (ખાસ કરીને દાડમ, ફણસ, કપીથ્થા. સુકો મેવો (બદામ, કાજુ, વગેરે) મોદક, શેરડીના ટુકડા, મીઠાઈઓ વગેરે અર્પણ કરી શકો છો. પરંતુ અહિં એ ધ્યાન રાખવું ખાસ જરૂરી છે, કે આહુતિ માં હોમની દરેક વસ્તુ અગ્નિમા સંપૂર્ણ પણે બળી જવી જોઈએ. અધકચરી બળેલી ન રહેવી જોઈએ. નાના હોમ કે જે પ્રમાણમાં નાના કુંડ અને ઓછા કદના અગ્નિ સાથે કરવામાં આવે છે તેમાં આપણે તલ, સુકા ખોપરા ના ટુકડા, મમરા અને ઘી થીજ આહુતિઓ આપવી.

ત્રણ મંત્રો વધારે મહત્વનાં છે. પહેલો મંત્ર એ બીજાક્ષરો ધરાવતો મુળમંત્ર છે. બીજો મંત્ર વેદોકત મંત્ર છે. બન્ને મંત્રો નીચે આપવામાં આવ્યાછે (સ્વાહા શબ્દ સાથે જ આપવામાં આવ્યા છે). તેના પછી તમે ગણપતિ અથર્વશીર્ષ વાંચીને આહુતિ આપી શકો છો. જો સાધક મુળ મંત્ર ૧૨ વખત, વેદ મંત્ર ૮ વખત અને ગણપતિ અથર્વશીર્ષ ૩ વખત કરે તો લગભગ ૪૦-૪૫ મીનીટમાં મહાગણપતિ હોમ પૂર્ણ થાય. તમે મંત્રોની સંખ્યા જાતે નક્કી કરી શકો છો. જો તમારી પાસે ખુબ વધું સમય હોય ત્યારે તમે ઘણા મંત્રોથી આહુતિ આપી શકો છો. ઈષ્ટ દેવનો મંત્ર પણ ઉમેરવો ઉપયોગી છે. જો તમે કોઈ ચોક્કસ મંત્ર જેવા કે ગાયત્રી મંત્ર ની નિયમીત સાધના કરતાં હોવ તો તે મંત્રની થોડી આહુતિઓ આપવી હિતાવહ છે. બે મુખ્ય મંત્રો (મુળ મંત્ર અને વેદ મંત્ર) નીચે પ્રમાણે છે.

| ૐ શ્રી ં હ્રીં કલીં ગ્લૌં ગં ગણપતયે વરવરદ સર્વજનં મે વશમાનય સ્વાહા ।। |
|---|

| ૐ ગણાનાં ત્વા ગણપતિં હવામેહ, કવિં કવીનામુપમશ્રવસ્તમં।<br>જયેષ્ઠરાજં બ્રહ્મણાં બ્રહ્મણસ્પત આ નઃ શૃણ્વન્નૂતિભિસ્સીદ સાદનં ।। સ્વાહા।। |
|---|

"ગણપતિ અથર્વશિર્ષ " જોડાણ "અ" માં આપેલુ છે જે આ પ્રતની છેવટે છે. આ મહાગણપતિ ની ખુબજ સૂક્ષ્મ પ્રાર્થના છે. ખરેખર તો અથર્વશિર્ષ એ મહાગણપતિની સર્વોત્તમ પ્રાર્થના છે. આ પ્રાર્થનામાં મહાગણપતિનું સમગ્ર બ્રહ્માંડના જનક તરીકે વર્ણન થયું છે. એમને પરમાત્મા તરીકે વર્ણવાયા છે કે જેમનાં માંથી બધા મહાદેવો જેવા કે બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્ર પણ ઉત્પન થાચ છે જો બરાબર સ્વરના ઉચ્ચાર સાથે આ પ્રાર્થના કરવામાં આવે તો મનને શાંતી અને આનંદનો અનુભવ થાય છે. તમે ઈચ્છો એટલી વાર તેનું પુનર્વાચન કરી શકો છો.

## પુનઃ પુજા (ઉત્તર પુજા)

બધાં મંત્રોની આહુતિઓ અપાઈ ગયા પછી આપણે અગ્નિમાં મહાગણપતિનું ટૂંકમાં પુજન કરીએ. નીચે પ્રમાણે બોલો અને પ્રસાદ મહાગણપતિને ધરાવો (થોડો અગ્નિમાં પધરાવો અને બાકીનો મૂર્તિ સમક્ષ મુકો )

| ૐ ગં ગણપતયે નમઃ નૈવેદ્યં સમર્પયામિ । |
|---|

એક નાની દિવીમાં કપુરની નાની ગોટી મુકી ને પ્રગટાવો તેના થી અગ્નિની અને મૂર્તિ ની આરતી ઉતારો (બેકે વધારે વાર ગોળ ફેરવો) અને પછી કપુરને અગ્નિમાં હોમી દો. આમ કરતી વખતે નીચે પ્રમાણે બોલવું

| ૐ ગં ગણપતયે નમઃ નીરાંજનં સમર્પયામિ। |
|---|

જો વધારે સમય હોય તો પુનઃ પુજામાં ફરી પાછી પંચોપચાર પુજા થઈ શકે છે. પરંતુ ઉપર આપેલ બે મંત્રો પણ પુરતાં છે. હવે ઉભા થઈને હોમ કુંડની ફરતે ૧ અથવા ૩ વાર પ્રદક્ષિણા કરો (ઘડીયાળ ના કાંટાની દિશામાં) પછી પાછા આસન પર બેસી જાઓ.

## ઉત્તરાંગમ (આભાર પ્રદર્શન)[૧]

હવે ઘીનાં એક ટીપાંથી પ્રજાપતિને આહુતિ આપો પછી ત્રણે લોકોના અધિપતિઓ (ભૂઃ - અગ્નિ, ભુવઃ - વાયુ, જે આકાશનું પણ આધિપત્ય કરે છે, સુવઃ - સૂર્ય કે જે બધા અલૌકિક, આધ્યાત્મિક લોકો નું આધિપત્ય રાખે છે). માટે આહુતિ આપો અને પછી અગ્નિને આહુતિ આપો કે જે દેવો માટે હવિષાન્ન તૈયાર કરે છે અને છેલ્લી આહુતિ ફરી પ્રજાપતિને આપો. નીચે આપેલા મંત્રો વાંચો અને દરેક સ્વાહાના ઉચ્ચાર સાથે ઘીનાં એક ટીપાની આહુતિ આપો.

ૐ પ્રજાપતે ન ત્વદેતાન્યન્યો વિશ્વા જાતાનિ પરિતા બભૂવ।
યત્કામાસ્તે જુહુમસ્તન્નો અસ્તુ વયઁ સ્યામ પતયો રયીણામ્।। સ્વાહા ।
પ્રજાપતય ઈદં ન મમ્।।
ૐ ભૂઃ સ્વાહા । અગ્નય ઈદં ન મમ ।।
ૐ ભુવઃ સ્વાહા । વાયવ ઈદં ન મમ।।
ૐ સુવઃ સ્વાહા । સૂર્યાયેદં ન મમ ।।
યદસ્ય કર્મણોત્યરીરિચં યદ્વાન્યૂનમિહાકરમ્ ।
અગ્નિષ્ટત્ સ્વિષ્ટકૃદ્વિદ્વાન સર્વં સ્વિષ્ટં સુહુતં કરોતુ સ્વાહા ।
અગ્નયે સ્વિષ્ટકૃત ઈદં ન મમ ।
ૐ ભૂર્ભુવસ્સુવઃ સ્વાહા। પ્રજાપતયે ઈદં ન મમ।।

હવે ફરીને પ્રાણાયામ કરો. પ્રાણાયમની રીત પહેલા દર્શાવી છે.

[૧] **Footnote :** ઉત્તરાંગમંની લઘુ પધ્ધતિ આ પછીનાં ભાગમાં આપી છે. જો એ અનુસરવી હોય તો આ ભાગને છોડી દેવો.

હવે અગ્નિદેવને ત્રણ આહુતિઓ ઘીની આપવાની છે. આ આહુતિઓ અગ્નિને માધ્યમ તરીકે વાપરતાં જાણતાં કે અજાણતાં થેચેલી ભૂલોની માફી માટે છે. નીચે આપેલ મંત્રને વાંચો અને દરેક “સ્વાહા” શબ્દ ઉચ્ચારતી વખતે ઘીનાં એક ટીપાંની આહુતિ આપો.

અનાજ્ઞાંત યદાજ્ઞાતં યજ્ઞસ્ય ક્રિયતે મિથુ।
અગ્ને તદસ્ય કલ્પય ત્વં હિ વેત્થ યથાતથમ સ્વાહા । અગ્નય ઈદં ન મમ ।।
પુરૂષસંમિતો યજ્ઞો યજ્ઞઃ પુરૂષસમિતઃ।
અગ્ને તદસ્ય કલ્પય ત્વં હિ વેત્થ યથાતથમ્ । સ્વાહા।
અગ્નય ઈદં ન મમ ।। યત્પાકત્રા મનસા દીનદક્ષા ન ।
યજ્ઞસ્ય મન્વતે મર્તાસઃ। અગ્નિષ્ટધ્ધોતા ક્રતુવિદ્વિજાનન્।
યજિષ્ઠો દેવાન્ ઋતુશો યજાતિ। સ્વાહા। અગ્નય ઈદં ન મમ।।

હવેની ત્રણ આહુતિઓ ત્રણે લોકનું નિયમન કરનાર દેવતાઓ અગ્નિ, વાયુ અને સૂર્યને આપવાની છે.

નીચે પ્રમાણે વાંચીને દરેક સ્વાહા વખતે ઘીનાં એક ટીપાની આહુતિ આપો

ૐ ભૂઃ સ્વાહા । અગ્નય ઈદં ન મમ ।।
ૐ ભુવઃ સ્વાહા । વાયવ ઈદં ન મમ ।।
ૐ સુવ : સ્વાહા । સૂર્યાયેદં ન મમ।।

પ્રજાપતિ ને એક છેલ્લી આહુતિ, હોમ કરવામાં થયેલી જુદી-જુદી ભુલોની માફીના ભાગરૂપે આપવાની છે. નીચે પ્રમાણે વાંચીને "સ્વાહા" શબ્દ સાથે ધીનાં એક ટીપાથી આહુતિ આપવી.

અસ્મિન્ હોમકર્મણિ મધ્યે સંભાવિત સમસ્ત મંત્રલોપ તંત્રલોપ ક્રિયાલોપ ભક્તિલોપ શ્રાધ્ધાલોપ નિયમલોપ નિષ્ઠાલોપ દ્રવ્યલોપાદિ સમસ્ત દોષ પ્રાયશ્ચિતાર્થં સર્વં પ્રાયશ્ચિત્તાહુતિં હોષ્યામિ । ૐ ભૂર્ભુવસ્સુવઃ સ્વાહા । પ્રજાપતય ઈદં ન મમ।।

હવે ભગવાન વિષ્ણુ અને રૂદ્ર માટે આહુતિ આપવી ફરજીયાત છે. નીચેની બે લાઈનો વાંચીને દરેક "સ્વાહા" શબ્દ સાથે ઘીનાં એક ટીપાથી આહુતિ આપો. ભગવાન વિષ્ણુ અને મહાદેવનું સ્મરણ કરો

ૐ શ્રી વિષ્ણવે સ્વાહા । વિષ્ણવે પરમાત્મન ઈદં ન મમ।।
ૐ નમો રુદ્રાય પશુપતયે સ્વાહા । રૂદ્રાય પશુપતય ઈદ ન મમ।।

રૂદ્ર ને આહુતિ આપ્યા બાદ હથેળીમાં પાણી લઈને હાથ ધોઈ લેવા.

## ઉત્તરાંગમ - લઘુ પધ્ધતિ

જયારે સમયનો ખુબ અભાવ હોય ત્યારે આ ઉતરાંગમની લઘુ પધ્ધતિનો ઉપયોગ કરીલેવો. ધીનાં ટીપાંથી આહુતિ આપવી

> ૐ ભૂઃ સ્વાહા॑ । અગ્નય ઈદં ન મમ।।
> ૐ ભુવઃ સ્વાહા॑ । વાયવ ઈદં ન મમ।।
> ૐ સુવ ઃ સ્વાહા॑ । સૂર્યાયેદં ન મમ।।
> ૐ ભૂર્ભુવસ્સુવઃ સ્વાહા॑ । પ્રજાપતય ઈદં ન મમ।।
> ૐ શ્રી વિષ્ણવે સ્વાહા॑ । વિષ્ણવે પરમાત્મન ઈદં ન મમ।।
> ૐ નમો રુદ્રાય॑ પશુપત॑યે સ્વાહા॑ । રુદ્રાય પશુપતય ઈદં ન મમ।।

## તર્પણ

ઉતરાંગમ પછી એક નાની પ્યાલી માં થોડુ દુધ કે પાણી લો. જમણાં હાથની હથેળી થી જ્ઞાન મુદ્રા કરી ને દુધ કે પાણી હથેળીમાં લો અને હથેળીને સ્હેજ નમાવીને એક કે બે ટીપા મધ્યમા અને અનામીકા આંગળીના ટેરવા પરથી વહીને કુંડના ખુણામા પડે એમ કરો.

આમ કરતી વખતે નીચે આપેલો મંત્ર બોલો :

> ૐ શ્રીં હ્રીં કલીં ગ્લૌં ગં ગણપતયે વરવરદ સર્વજનં મે વશમાનય સ્વાહા ।
> ૐ શ્રી મહાગણપતિં તર્પયામિ।

ઉપરની ક્રિયા એક વખત કે ૪/૮/૧૨ વખત કરી શકાય.
છેવટે વધેલુ દુધ અથવા પાણી ઉપયોગમા ન લેતાં નિર્માલ્યમાં નાખી દેવું.

## શુધ્ધોધન બલી


આપણે હવે મહાગણપતિના પાર્ષદોને બલી અર્પણ કરવાની છે. રાંધેલા ભાત (અથવા કેળાના કે બીજા ફળના ટુકડા) લઈને તેમાંથી થોડો થોડો ભાગ લઈને ૬ જગ્યાએ બલી મુકવાની છે.

બલી ને કુંડની બહાર મુકવી અને આકૃતિ નં ૫ માં દર્શાવ્યા પ્રમાણે મુકવી. શરૂઆત કુંડની પૂર્વ બાજુએથી કરવી પછી પશ્ચિમ પછી ઉત્તર પછી દક્ષિણ અને પછી છેલ્લી બે બલી પૂર્વ દિશાની બલીની થોડી ઉત્તર બાજુએ આકૃતિ-૫ માં દર્શાવ્યા પ્રમાણે મુકવી.

આમ ૬ બલી મુકતી વખતે નીચેનો મંત્ર બોલવોઃ

ૐ શ્રી મહાગણપતિ પાર્ષદેભ્યો નમઃ। બલિં સમર્પયામિ।

આકૃતિ-૫




બલી આપ્યા બાદ વધેલા ભાત કે વધેલા ફળોના ટુકડા ન વાપરતા નિર્માલ્યમાં પધરાવી દેવા

## વસોર્ધારા

આહુતિ આપવામાં વાપરેલા ચમચા (લેડલ) માં થોડુ ઘી રેડો અને રૂદ્ર ચમકમ નો ત્રીજો શ્લોક બોલતા જતાં ઘીની પાતળી ધાર અગ્નિમાં બળી રહેલા નાળિયેરના ટુકડાઓ પર કરો. જો ધુમાડો ઓછો રાખવો હોયતો ખુબ વધારે ઘી ન વાપરતાં ફક્ત એક ચમચી જેટલું જ ઘી વાપરો કારણકે વધારે ઘી વાપરતા ખુબ ધુમાડો થાય છે. આ ઘી એટલું હોવુ જોઈએ કે જેથી હવે અપાનારી પુર્ણાહુતિ સારી રીતે બળી શકે. શ્લોક નીચે પ્રમાણે છે :

ૐ શં ચ મે મયશ્ચ મે પ્રિયં ચ મેઽનુકામશ્ચ મે કામશ્ચ મે
સૌમનસશ્ચમે ભદ્રં ચ મે શ્રેયશ્ચ મે વસ્યશ્ચ મે યશશ્ચ મે ભગશ્ચ
મે દ્રવિણં ચ મે યન્તા ચ મે ધર્તા ચ મે ક્ષેમશ્ચ મે ધૃતિશ્ચ મે વિશ્વં
ચ મે મહશ્ચ મે સંવિચ્ચ મે જ્ઞાત્રં ચ મે સૂશ્ચ મે પ્રસૂશ્ચ મે સીરં ચ
મે લયશ્ચ મઋતં ચ મેઅમૃતં ચ મેયક્ષ્મં ચ મેનાયચ્ચમે જીવાતુશ્ચ મે
દીર્ઘાયુત્વં ચ મેનમિત્રં ચ મેઅભયં ચ મે સુગં ચ મે શયનં ચ મે સૂષા
ચ મે સુદિનં ચ મે ।

## પૂર્ણાહુતિ

હવે આપણે પૂર્ણાહુતિ હોમવાની છે. સાધારણ રીતે પૂર્ણાહુતિ માટે એક આખું સુકુ નાળિયેર, હળદર, કંકુ અને આહુતિમાં અપાયેલ સામગ્રીમાંથી નાનો ભાગ લઈને આ બધાંને એક કપડામાં બાંધી ને પછી અગ્નિમાં પૂર્ણાહુતિ તરીકે અર્પણ કરાય છે.

નિયમિત રૂપે થતાં સાદા હોમમાં કે જેમાં અગ્નિ પણ ઓછી માત્રામાં હોય છે. પુર્ણાહુતિ માટે સુકા ખોપરાંની અડધી વાટકી, થોડા ચોખા, એક ધાતુનો સિક્કો, ચંદન, હળદર, કંકુ, અને હવન સામગ્રીમાંથી થોડો-થોડો ભાગ લઈને અગ્નિમાં આહુતિ આપવી. આ રીતે અપાતી આહુતિ ઘરના ઓરડામાં કરાતા હોમ માંટે બંધ બેસતી છે.

જો ધુમાડાની સમસ્યા હોય તો સુકા ટોપરાની અડધી વાટકીને બદલે એક નાનો ટુકડો પણ લઈ શકાય જો તમે જમીનમાં ખાડો ખોદી ને બનાવેલા હવન કુંડમા મોટા અગ્નિથી હોમ કરતા હો તો. તમે પાણી ભરેલું લીલુ નાળિયેર હોમી શકો છે. લીલુ નાળિયેર સામાન્ય માણસના અહંકારનું સચોટ દ્યોતક છે.

પૂર્ણાહુતિને જાળવીને લાકડાના લેડલ ઉપર ગોઠવો અને નીચે આપેલો મંત્ર બોલીને ખુબ સંભાળ પૂર્વક પૂર્ણાહુતિને અગ્નિમાં હોમો. ધ્યાન રાખો કે પુર્ણાહુતિ મુકવાથી અગ્નિ બુઝાઈ ન જાય અને પુર્ણાહુતિની સામગ્રી આમતેમ કુંડની બહાર વેરાઈ ન જાય.

ૐ પૂર્ણાહુતિમુત્તમાં જુંહોતિ । સર્વં વૈ પૂર્ણાહુતિઃ। સર્વમેવાપ્નોતિ ।
અથો ઈયં વૈ પૂર્ણાહુતિઃ। અસ્યામેવ પ્રિતિતિષ્ઠતિ ।
ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદ્ચ્યતે । પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।।
ૐ શ્રીં હ્રીં કલીં મહાગણપતયે પૂર્ણાહુતિં સમર્પયામિ।

પૂર્ણાહુતિ અર્પણ કરતી વખતે કે ત્યાર બાદ નીચે નો મંત્ર બોલવો.

ૐ બ્રહ્માર્પણં બ્રહ્મહવિર્ બ્રહ્માગ્રૌ બ્રહ્મણા હુતં ।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મ કર્મ સમાધિના।।

એવી ધારણા કરો કે તમે મહાગણપતિ પાસે સંપૂર્ણ સમર્પણ કરી રહયા છો. પુર્ણાહુતિનો અર્થ જ સંપૂર્ણ સમર્પણ છે.

પૂર્ણાહુતિ માં હોમવામાં આવતું આખું (કે અડધું) નાળિયેર સાધકનાં માથાંનુ ચિન્હ છે. અટલે કે વ્યક્તિનો અંહકાર તેનું 'હું'પણું. આ 'હું'પણાની મહાગણપતિનાં ચરણોમાં આહુતિ આપવાની છે.

શરણાગતિની અંદરની ભાવના વગર પૂર્ણાહુતિની ક્રિયા અને તેમાં વાપરવામાં આવેલા ઉમદા પદાર્થોનો કોઇ અર્થ સરતો નથી. મોટા ભાગના વેદીક કર્મકાંડો સાધકના આંતરવિશ્વમાં જરૂરી પરિવર્તનોનાં દ્યોતક છે. આ આંતરિક પરિવર્તનો સૂક્ષ્મ શરીરમાં આવેલા અંતરાયોને દુર કરવા માટે છે કે જે સાધકના આત્મજ્ઞાનની વચ્ચે ઉભા છે. વેદોનો મુખ્ય અને છેવટનો હેતુ એ આત્મજ્ઞાન છે અને વેદોના બધાં કર્મકાંડો છેવટે આ હેતુ માટે જ છે.

કોઈ પણ કર્મકાંડ સમજ વગર કરવું એ શરૂઆતમાં સારી વસ્તુ છે પણ કોઇ એક તબકકે વ્યક્તિએ તે કર્મકાંડોના ગુઢ અર્થોની સમજણ કેળવવી ઘટે.

## અંતિમ આહુતિ અને ધ્યાન

અગ્નિ દેવે આપણી બધી આહુતિઓને જુદા જુદા દેવો સુધી પહોંચાડી છે. એથી છેલ્લી આહુતિ આપણે અગ્નિ દેવને આપીશુ. નીચે પ્રમાણે વાંચીને ઘીનાં ટીપાથી આહુતિ અર્પણ કરવી.

> સપ્ત તે અગ્ને સમિધઃ સપ્ત જિહ્વાઃ સપ્તઋષયસ્સપ્તઃ ધામ પ્રિયાણિ ।
> સપ્તહોત્રા સપ્ત ધાત્વા યજન્તિસપ્તયોનીરાપૃણસ્વા ધૃતેન સ્વાહા ।
> અગ્નયે સપ્તવત ઇદં ન મમ ।।

જો સમય હોય તો ઉપર પ્રમાણે આહુતિ તમે સાત વખત પણ આપી શકો છો. અગ્નિની સાત જીહ્વાઓ માટે. હવે થોડું પાણી ચમચીમાં લઈને હોમ કુંડની આજુ બાજુ આકૃતિ - ૩ માં આગળ ઉપર દર્શાવ્યા પ્રમાણે છંટકાવ કરો. આગળ ઉપર દર્શાવેલાની જેવીજ રીત કરવાની છે પણ ફકત ૪ મંત્રો બદલવાના છે. નીચેના ૪ મંત્રો વાંચવા (આકૃતિ ૩ પ્રમાણે)

| | |
|---|---|
| અદિતેડન્વમંસ્થાઃ । | અનુમતેડન્વમંસ્થાઃ । |
| સરસ્વતેડન્વમંસ્થાઃ । | દેવ સવિતઃ પ્રાસાવીઃ । |

હોમની પ્રક્રિયા સાધકને આંતરિક રીતે શુધ્ધ કરે છે. અગ્નિમાં રહેલ દૈવી શકિતની હાજરી સાધકનું શુદ્ધિકરણ કરવાની ક્ષમતા ધરાવે છે. ખાસતો હદયની સાચી નિષ્ઠાથી અર્પણ કરેલી પુર્ણાહુતિ જ્યારે બળે છે ત્યારે તે ઘણી સકારાત્મક શકિત ફેલાવે છે. પૂર્ણાહુતિ જયારે હોમાગ્નિમાં બળી રહી હોય તે સમય ધ્યાન લગાડવાનો શ્રેષ્ઠ સમય છે.

સ્થિર થઇને સુખાસન અથવા પદમાસનમાં પીઠ અને માથાને સીધા રાખીને બેસો. આંખોને બંધ રાખવી હીતાવહ છે. ધ્યાન રાખો કે પીઠની કરોડડજુ ટટ્ટાર હોવી જોઇએ પણ ખુબજ તાણમાં ન હોવી જોઇએ.

તમારા મનગમતાં દેવ કે દેવીના સ્વરૂપનું ધ્યાન ધરો અને એ વખતે તમારા મનગમતા મંત્રોનો મનમાં જાપ કરો એ ફકત ગણપતિ મંત્ર હોવો જરૂરી નથી.

દાત.: તમે ગાયત્રી મંત્રથી ધ્યાન કરી શકો છો.

તમારા શરીર અને તમારી ક્રિયાઓને સંપુર્ણ પણે ભુલાવાનો પ્રયત્ન કરો અને મંત્રની અંદર ઓતપ્રોત થઇ જાઓ. એવી ધારણાં કરો કે તમારા આરાધ્ય દેવથી સંપૂર્ણ જગત છવાયેલુ છે. બધાંજ સચરાચર જગતના એજ અધિષ્ઠાતા છે. આજ સમય એવો છે કે જેમાં તમે તમારી જાતને સંપૂર્ણ પણે ભુલીને મંત્રમાં ખોવાઇ શકો છો. આનો લાભ લઇને ઓછામાં ઓછી ૧૦-૧૫ મીનીટ સુધી ધ્યાન ધરો. ધ્યાનની પ્રક્રિયાને હોમનો ખુબજ અગત્યનો ભાગ ગણવો જરૂરી છે.

## રક્ષા

હવે હોમ કુંડની પશ્ચિમ બાજુએ મુકેલો દર્ભ લઇને (અથવા નવો એક દર્ભ લઇને) તેના છેડા ને ઘીમાં બોળીને હવનની અગ્નિમાં પ્રગટાવો અને આ દર્ભને એક વાસણમાં મુકીને સંપૂર્ણપણે બળી જવા દો. આ રીતે બળેલા દર્ભ ની ભસ્મ લઇ ને તેનાથી તમારા કપાળે ચાંદલો કરો અને ઉપસ્થિત લોકો ના કપાળે પણ ચાંદલો કરી શકાય. માન્યતાનુસાર આ કરવાથી આસુરીશક્તિઓથી વ્યકિતની રક્ષા થાય છે.

રક્ષા લેવી જરૂરી નથી. સાધક આ ક્રિયાને છોડી શકે છે. વૈકલ્પિક રીતે હોમ કુંડમા છેલ્લે રહેલી રાખનો ઉપયોગ પણ રક્ષા તરીકે કરી શકાય છે. હોમના અંતમા કદાચ આમ કરવું વધારે સરળ છે.

## ઉદ્વાસન (ઉત્થાપન)

બે દર્ભો જમણા હાથમાં અને બે દર્ભો ડાબા હાથમાં મુળ થી પકડો (છેડો સામે રહે એ રીતે) થોડાં ચોખા અને ફુલો પણ મુઠીમાં રાખો. પછી આ બન્ને હાથ ના દર્ભોના છેડા થી હોમ કુંડની બન્ને બાજુ ઓને સ્પર્શ કરો (ઉતર અને દક્ષિણ બાજુ) પછી એ દર્ભોથી મૂર્તિને સ્પર્શ કરો અને ફુલો તથા ચોખાને મૂર્તિ ઉપર પધરાવી દો. ધારણાં કરો કે મહાગણપતિની ચેતના કુંડમાથી મૂર્તિમાં આવી ગઈ છે, પછી નીચેનો મંત્ર બોલતી વખતે તમારા બન્ને હાથોથી હૃદય નો સ્પર્શ કરો અને એ વખતે ધારણાં કરો કે મહાગણપતિ હવન કુંડના અગ્નિ અને મૂર્તિ માંથી તમારા હદયમાં પાછા આવી રહ્યા છે.

અસ્માનમૂર્તેશ્ચ અગ્નેશ્ચ શ્રી મહાગણપતિં યથાસ્થાનં પ્રતિષ્ઠાપયામિ ।

હવે આપણે અગ્નિદેવને પણ પાછા સિધારવાની વિનંતી કરવાની છે. નીચે પ્રમાણે બોલી ને અગ્નિ દેવને પ્રણામ કરો અને આભાર માનો.

> અગ્ને નય સુપથા રાયે અસ્માન વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન ।
> યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભુયિષ્ઠાં તે નમઃ ઉક્તિં વિધેમ અગ્નયે નમઃ ।।

## અંતિમ ક્રિયા

નીચે પ્રમાણે ત્રણ શ્લોકો બોલો. કૃષ્ણ ભગવાનનું સ્મરણ કરો અને વિચાર કરો કે તમે આ હોમના કર્તા નથી પણ કર્તા શ્રી કૃષ્ણ છે. જેમણે તમારા માધ્યમથી હોમનું અનુષ્ઠાન પૂર્ણ કર્યું. આમ કરતી વખતે જમણા હાથની મધ્યમાં અને અનામિકા આંગળીઓના ટેરવાં ઉપર થોડાં ચોખાના દાણા મુકીને પાણીની ધાર આંગળીઓ પર રેડો. પાણી અને ચોખાને રાખેલા નિર્માલ્યના વાસણમાં જમા થવા દો.

> મંત્રહીનં ક્રિયાહીનં ભક્તિહીનં હુતાશન ।
> યધ્ધુતં તુ મયા દેવ પરિપૂર્ણ તદસ્તુ તે ।।
> પ્રાયશ્ચિત્તાન્યશેષાણિ તપઃ કર્માત્મકાનિ વૈ ।
> યાનિ તેષામષેષાણાં શ્રી કૃષ્ણસ્મરણં પરં । શ્રીકૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ ।
> કાયેનવાચા મનસેંન્દ્રિયૈર્વા બુધ્યાત્મનાવા પ્રકૃતેઃ સ્વભાવાત ।
> કરોમિયધ્યત્ સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયામિ ।।

છેલ્લે નીચેનો શ્લોક બોલો અને કલ્પના કરો કે શ્રી મહાગણપતિ તમારા હોમથી પ્રસન્ન થયા છે. કૃષ્ણને કે શિવને હોમનો કર્તા ભાવ સર્મપિત કરો અને શાંતી પ્રાર્થના કરો.

> અનેન દિવ્ય મંગળ હોમેન ભગવાન સર્વાત્મકઃ
> શ્રી મહાગણપતિઃ પ્રીયતામ। ૐ તત્સત ।
> સર્વમ શ્રી કૃષ્ણાર્પણમસ્તુ (અથવા શિવાર્પણમસ્તુ અથવા દુર્ગાર્પણમસ્તુ)
> ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

આ મંત્ર પછી એવી ભાવનાનો ત્યાગ કરો કે તમે હોમ કર્યો છે કારણ કે તમે હવે કર્તા ભાવ અથવા હોમની પ્રક્રિયાની માલિકી શ્રી કૃષ્ણ (અથવા શિવ અથવા દુર્ગા)ને સમર્પણ કરી દીધી છે.

મહાગણપતિને પ્રસાદ રૂપે ધરાવેલ પદાર્થો હવે તમે અને બીજાં બધાં આરોગી શકે છે. અહીં ફરીવાર સૂચન કરવું અગત્યનું છે કે બલી આપ્યા પછી બચેલી બધી ખાદ્ય વસ્તુ ને આરોગવાની

નથી. બલી આપ્યા પછી બચેલું ખાદ્ય પદાર્થ ગાય કે કુતરાને ખવડાવી દેવું અથવા વહેતા પાણી માં પધરાવી દેવા અથવા ધુળીયા પ્રદેશમાં રહેતા હો તો ધુળના ઢગલામાં મેળવી દેવુ.

હોમ કુંડમાં બચેલી રાખને પણ એક વાસણમાં જમાં કરતાં રહેવું. પછી વાસણ ભરાઇ જાય ત્યારે તે રાખને વહેતા પાણીમાં કે કોઇ વૃક્ષના તળીયે અથવા ધુળ સાથે મેળવી દેવી. હવનની આ પવિત્ર રાખ પાછી પ્રકૃતિમાં મળી જાય એ આવકારદાયક છે.

હવનમાં તમે જે કળશનો કે નાનાં તાંબાનાં તરભાણાંનો ઉપયોગ કર્યો તેમાં જે પાણી વધ્યુ હોય તે પાણીને તમે બીજા કોઇ તાબાંના કળશમાં જમા કરી શકો છો. તમે સવારે સ્નાન કરતી વખતે છેલ્લે આ પાણી ને તમારા માથા પર રેડો અને પછી નહાવાનું પાણી ફરી શરીર પર ન વાપરો એટલે કે આ કળશનાં પાણી થી સ્નાન પૂર્ણ કરો. તમે અઠવાડીયામાં એક દિવસ કે દરેક ચતુર્થીએ આ હોમ ના સંગ્રહ કરેલ પાણી થી સ્નાન કરી શકો છો.

**સર્વમ શ્રી કૃષ્ણાર્પણ મસ્તું**

સર્વે ભવન્તુ સુખિનઃ  સર્વે સન્તુ નિરામયાઃ

સર્વ ભદ્રાણિ પશ્યન્તુ  મા કશ્ચિદ્  દુઃખ ભાગ્ભવેત

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**જોડાણ પ્રત "અ"**

## ગણપતિ અથર્વશિર્ષ (ગણેશોપનિષદ)

"ગણપતિ અથર્વશિર્ષ" સ્તોત્ર કે જે ગણેશોપનિષદના નામે પણ પ્રખ્યાત છે તે નીચે આપેલો છે. હવનમાં એનું એક કે વધુવાર વાંચન કરતી વખતે હોમમાં આહુતિઓ આપી શકાય છે.

અથર્વશિર્ષના દરેક શ્લોકને અંતે આવતા સ્વાહા શબ્દના ઉચ્ચાર વખતે આહુતિ અગ્નિમાં અર્પણ કરવી. જ્યારે છેલ્લી વાર અથર્વશિર્ષ બોલાતું હોય ત્યારે છેલ્લા શ્લોકના અંતે "સ્વાહા"ના બદલે "વૌષટ" શબ્દનો ઉપયોગ કરીને આહુતિ આપવી. આ વૈદિક સ્તોત્ર મહાગણપતિ માટેની શ્રેષ્ઠ પ્રાર્થના છે. એમાં મહાગણપતિનું નિર્ગણ બ્રહ્મ સ્વરૂપે પ્રતિપાદન થયું છે. બ્રહ્મા વિષ્ણુ અને શિવ સહિતના બધાં દેવો તેમના આ નિર્ગુણ સ્વરૂપના જ જુદા જુદા સ્વરૂપો છે. એમના આ જ સ્વરૂપ માંથી સર્વ બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે અને અંતે એમનાંમાં જ સમાઇ જાય છે. આ સ્તોત્ર વાંચતી વખતે મહાગણપતિ એ સર્વોચ્ચ શકિત (પરમ પુરૂષ) છે એવી મનમાં ધારણા કરવી.

ૐ નમસ્તે ગણપતયે । ત્વમેવ પ્રત્યક્ષં તત્ત્વમસિ । ત્વમેવ કેવલં કર્તાસિ । ત્વમેવ કેવલં ધર્તાસિ। ત્વમેવ કેવલં હર્તાસિ । ત્વમેવ સર્વં ખલ્વિદં બ્રહ્માસિ । ત્વં સાક્ષાદાત્માસિ નિત્યં ।। સ્વાહા ।।

ઋતં વચ્મિ । સત્યં વચ્મિ ।। સ્વાહા ।।

અવ ત્વં માં । અવ વકતારં । અવ શ્રોતારં । અવ દાતારં। અવ ધાતારં । અવાનૂચાનમવશિષ્યં । અવ પશ્ચાત્તાત્ । અવ પુરસ્તાત । અવોત્તરાત્તાત । અવ દક્ષિણાત્તાત્ । અવ ચોર્ધ્વાત્તાત્ । અવાધરાત્તાત્ । સર્વતો માં પાહિ પાહિ સમન્તાત્ ।। સ્વાહા ।।

ત્વં વાંગમયસ્ત્વં ચિન્મયઃ । ત્વમાનન્દમયસ્ત્વં બ્રહ્મમયઃ । ત્વં સચ્ચિદાનંદાદ્વિતીયોસિ । ત્વં પ્રત્યક્ષં બ્રહ્માસિ । ત્વં જ્ઞાનમયો વિજ્ઞાનમયોસિ ।। સ્વાહા ।।

સર્વં જગદિદં ત્વત્તો જાયતે । સર્વં જગદિદં ત્વત્તસ્તિષ્ઠતિ । સર્વં જગદિદં ત્વયિ લયમેષ્યતિ । સર્વં જગદિદં ત્વયિ પ્રત્યેતિ। ત્વં ભૂમિરાપોનલોનિલો નભઃ। ત્વં ચત્વારિ વાક્પદાનિ ।। સ્વાહા ।।

ત્વં ગુણત્રયાતીતઃ । ત્વં અવસ્થાત્રયાતીતઃ । ત્વં દેહત્રયાતીતઃ। ત્વં કાલત્રયાતીતઃ। ત્વં મૂલાધારસ્થિતોસિ નિત્યં । ત્વં શક્તિત્રયાત્મકઃ । ત્વાં યોગિનોધ્યાયન્તિ નિત્યં । ત્વં બ્રહ્મા ત્વં વિષ્ણુસ્ત્વં રુદ્રસ્ત્વંમિન્દ્રસ્ત્વંઅગ્નિસ્ત્વં વાયુસ્ત્વં સૂર્યસ્ત્વં ચન્દ્રમાસ્ત્વં બ્રહ્મ ભૂર્ભુવસ્સૂવરોમ।। સ્વાહા ।।

ગણાદિં પૂર્વમુચ્ચાર્ય વર્ણાદીંસ્તદનન્તરં । અનુસ્વારઃ પરતરઃ । અર્ધેન્દુલસિતં । તારેણ ઋદ્ધં । એતત્તવ મનુસ્વરૂપં । ગકારઃ પૂરવરૂપં । અકારો મધ્યમ રૂપં । અનુસ્વારશ્ચાન્ત્યરૂપં। બિન્દુરૂત્તર રૂપં। નાદઃ સન્ધાનં । સઁહિતા સન્ધિઃ । સૈષા ગણેશ વિદ્યા । ગણક ઋષિઃ। નિચૃદ્ગાયત્રી છંદઃ । ગણપતિર્ દેવતા । ૐ ગં ગણપતયે નમઃ। ૐ ગં ગણપતયે નમઃ। ૐ ગં ગણપતયે નમઃ।। સ્વાહા ।।

એકદંતાય વિદ્મહે । વક્રતુંડાય ધીમહિ । તન્નો દંતિ પ્રચોદયાત ।। સ્વાહા ।।

એકદંતં ચતુર્હસ્તં પાશમંકુશધારિણં । રદં ચ વરદં હસ્તૈર્બિભ્રાણં મૂષકધ્વજં । રકતં લમ્બોદરં શૂર્પકર્ણકં રકતવાસસં । રક્તગંધાનુલિપ્તાંગં રકતપુષ્પૈઃ સુપૂજિતં । ભકતાનુકંપિનં દેવં જગત્કારણ મચ્યુતં । આવિરભૂતં ચ સૃષ્ટયાદૌ પ્રકૃતેઃ પુરૂષાત્પરં । એવં ધ્યાયતિ યો નિત્યં સ યોગી યોગિનાં વરઃ ।। સ્વાહા।

નમો વ્રાતપતયે । નમો ગણપતયે । નમઃ પ્રમથપતયે । નમસ્તેસ્તુ લમ્બોદરાયૈકદન્તાય વિઘ્નનાશિને શિવસુતાય વરદમૂર્તયે નમઃ ।। સ્વાહા ।।

## જોડાણ પ્રત "બ"

## અત્યંત લઘુ હોમ પધ્ધતિ (લઘુત્તમ મંત્રો)

જેઓ સંસ્કૃતનાં મંત્રો બોલવામાં ઘણી સમસ્યા અનુભવતા હોય અને છતાં હોમ કરવાની ઇચ્છા રાખતાં હોય તેઓના માટે આ પ્રતમાં આપેલી પધ્ધતિ પણ ખૂબ મુશ્કેલ લાગી શકે. આવા લોકો માટે હું ખુબજ લઘુપધ્ધતિનીં ભલામણ કરી શકું છું. પણ એવી આશા રાખું છું કે જે લોકો આ અત્યંત લઘુપધ્ધતિથી શરૂઆત કરે તેઓ થોડા સમયમાં આવડત કેળવીને સંસ્કૃતના મંત્રો બોલવામાં મહારથ કેળવે અને "મુખ્ય પધ્ધતિ" દ્વારા હોમ કરતાં થઈ જાય.

હોમમાં અર્પણ કરાતા મંત્રો ખુબજ શક્તિશાળી હોય છે. પછી ભલે કોઈ પણ પધ્ધતિ વાપરો. હોમ જ ન કરવો એના કરતાં અત્યંત લઘુપધ્ધતિથી હોમ કરવો હંમેશા ચડિયાતો છે.
આ જોડાણ પ્રત અત્યંત લઘુપધ્ધતિ ટુંકમાં દર્શાવે છે. જો કોઈ વિગત બરાબર ન સમજાય તો મુખ્યપ્રતને વાંચીને સમજવાનો પ્રયત્ન કરવો.

### શરૂઆતની રીત

મનમાં ધરતી માતા, ગણેશજી, આરાધ્ય દેવ, માતા-પિતા, મોટાઋષિ, સર્વ ઋષિ અને બધા દેવો ને યાદ કરો. તમે આમા ગુજરાતી ભાષા વાપરો. એક તરભાણાં કે પ્યાલામાં પાણી લો. ચમચીથી ત્રણવાર પાણી લઈને તેનુ આચમન કરો. આચમન કરતી વખત "કેશવાય સ્વાહા", "નારાયણાય સ્વાહા", અને "માધવાય સ્વાહા" બોલો.

હાથમાં ચોખા રાખીને ગણેશજીને પ્રાર્થના કરો - "હે ગણેશજી, કૃપા કરીને મારા હોમના અનુષ્ઠાન માથી, સર્વ વિઘ્નો દુર કરો"

હવે સંકલ્પ કરો - "હું હવે મારી શકિત પ્રમાણે ભગવાન શ્રી ગણેશની પ્રસન્નતા ખાતર હોમ કરુ છું."
ચોખાને હવે હોમ કુંડની સામે કે પ્રતિમાની સામે મુકીદો.

### શરૂઆત ની આહુતિ

દિપક પ્રગટાવો. થોડાં ચોખા પાણી ભરેલા તરભાણાં કે પ્યાલા કે કળશમાં નાખો અને "વં" અક્ષર નો ૧૧ વખત ઉચ્ચાર કરો. ચમચીથી પાણી લઈને પોતાના ઉપર, હોમકુંડ, પ્રતિમા, અને બીજી બધી હોમમાં વાપરવાની સામગ્રી પર છટંકાવ કરો.

હોમ કુંડ તમારી પૂર્વમાં હોવો જોઈયે અને તમારે પૂર્વ દિશા તરફ મોઢું રહે એમ બેસવું જોઈએ. કુંડ વડે બે સમાંતર રેખાઓ દોરો કે જે કુંડની પશ્ચિમ ભાગથી તમારા આસનને જોડે અને આ બન્ને રેખા ઉપર પિગાળેલા ઘી થી ભરેલુ પાત્ર મુકો.

નાનો કપુરનો ટુકડો લો. દિપક થી તેને પ્રગટાવી ને હોમ કુંડમાં મુકો અને તે વખતે નીચે પ્રમાણે બોલો -

**ૐ ભૂર્ભુવસ્સૂવરોમ ।**
**હે અગ્નિ દેવ, મારી આહુતિઓ પવિત્ર કરીને દેવો સુધી પહોંચાડવા વિનંતી કરુ છું.**

સુકા નાળિયેરના ટુકડાં કે લાકડા ના ટુકડાં બળતા કપુર પર મુકો અને કાળજી લોકે તેઓ ને અગ્નિ પકડી લે.

હવે ઘીના પાચ ટીપાથી આહુતિ આપો અને ત્યારે નીચે પ્રમાણે બોલો -

**ૐ પ્રજાપતયે સ્વાહા ।　　ૐ ઈંદ્રાયે સ્વાહા ।**
**ૐ અગ્નયે સ્વાહા ।　　ૐ સોમાય સ્વાહા ।**
**મારી અત્યાર સુધી થયેલી ભુલોની માફી અર્થે ૐ ભૂર્ભુવસ્સૂવઃ સ્વાહા ।।**

## પ્રધાન હોમ

આમ કહો - "હે ગણેશ, કૃપા કરીને અગ્નિમા પધારો".

નીચે પ્રમાણે કહીને અગ્નિ તરફ હાથ જાડીને ઈશારો કરો જાણે કે ગણપતિને અગ્નિમાં આવવા વિનંતી કરો છો.

**આવાહિતો ભવ । સ્થાપિતો ભવ ।**

થોડાં ચોખા અગ્નિમાં પધરાવો અને કહો - "હે ગણેશ, મારા આ પુજનથી તમે પ્રસન્ન થાઓ".

હવે તમને જે ગણપતિનો મંત્ર આવડતો હોય તે મંત્રની ૪,૮,૧૨, ૨૧,૨૮, કે ૧૦૦૮ વાર આહુતિ આપો. થોડા મંત્રો મુખ્ય પ્રતમાં આપેલા છે. ઓછાંમાં ઓછું નીચેના સરળ મંત્રથી તમે કરી શકો એટલી આહુતિઓ આપો

**ૐ ગં ગણપતયે નમઃ સ્વાહા ।**

દરેક વખતે ઉપરનો મંત્ર બોલતા જયારે સ્વાહા શબ્દ આવે ત્યારે ઘી અથવા ચોખા અથવા તલ અથવા મમરા અથવા હવન સામગ્રીની અગ્નિમાં આહુતિ આપો. છેલ્લા મંત્ર ઉચ્ચાર વખતે "સ્વાહા" ને બદલે "વૌષટ્" શબ્દ બોલો.

છેલ્લે ગણપતિ ને પ્રસાદ ધરાવો અને કહો કે - "હે ગણેશ કૃપા કરીને આ પ્રસાદ આરોગો". આમ કહીને પ્રસાદનો નાનો ભાગ અગ્નિમાં પધરાવો અને બાકીનો સમીપ મૂર્તિ સમક્ષ મુકો. હવે ઉભા થઈને હોમ કુંડની એક વાર કે ત્રણ વાર પ્રદક્ષિણા કરો (ઘડીયાળના કાંટાની દિશામાં). પછી પાછા આસન પર બેસી જાઓ.

## છેલ્લી આહુતિઓ

ઘીનાં ટીપાથી આહુતિ આપતી વખતે નીચે પ્રમાણે કહો -

| | |
|---|---|
| **ૐ ભૂ: સ્વાહા ।** | **ૐ ભુવ: સ્વાહા ।** |
| **ૐ સુવ: સ્વાહા ।** | **ૐ ભૂર્ભુવસ્સુવ: સ્વાહા ।** |
| **ૐ વિષ્ણવે સ્વાહા ।** | **ૐ રુદ્રાય સ્વાહા ।** |

પછી તમારી જમણી હથેળી પર થોડું પાણી છાંટી દો. જો શકય હોય તો રાંધેલા ભાત ના ૬ ભાગ કરો અથવા ફળોના ૬ ટુકડા કરીને આકૃતિ ૪ માં દર્શાવ્યા પ્રમાણે બલી અર્થે મુકો અને ત્યારે કહો કે - "ગણપતિના પાર્ષદો માટે આ બલી સમર્પિત કરૂં છું". આ બલીનો ભાગ તમે છોડી પણ શકો છો.

## પૂર્ણાહુતિ

"ૐ" કહેતા કહેતા ઘીની નાની ધાર અગ્નિ ઉપર કરો અને જયારે અગ્નિ થોડો મોટો થાય ત્યારે પૂર્ણાહુતિ અર્પણ કરો.

પૂર્ણાહુતિમા શું અર્પણ કરવું તેના માટે મુખ્ય રીત જોઇલો.

પૂર્ણાહુતિ અર્પણ કરતી વખતે નીચે પ્રમાણે બોલો -

**ૐ ગં ગણપતયે પૂર્ણાહુતિં સમર્પયામિ**

પછી પૂર્ણાહુતિ અગ્નિમાં મુકી દો. ઘીના એક ટીપાથી આહુતિ આપો અને ત્યારે કહો :

**ૐ અગ્નયે સપ્તવતે સ્વાહા ।**

હવે તમને ગમતા મંત્ર સાથે ૫-૧૦ મીનીટ ધ્યાનમાં બેસો. ધ્યાન પૂર્ણ થયા બાદ તમારા હાથ થી હૃદય સ્પર્શ કરીને કહો - "હે ગણેશ મારા હૃદયમાં પાછા આવી જાઓ".

અગ્નિ દેવનો તેમના સાથ સહકાર માટે આભાર પ્રગટ કરો છેવટે કહો.

**સર્વમ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ । ૐ શાંતિ: શાંતિ: શાંતિ: ।**

## જોડાણ પ્રત "ક"

### ષોડશોપચાર પુજા (૧૬ પ્રકારના ઉપચારોથી પૂજન)

(જો તમે અગ્નિ અને મૂર્તિમાં ષોડશોપચાર વિધિથી પૂજન કરવાની ઇચ્છા રાખતા હો તો તમારે હોમની મુખ્ય રીતમાં અપાયેલ પંચોપચાર પૂજન વિધિનાં બદલામાં અહી આપેલ વિધિ ઉપયોગમાં લેવી આ વિધિ વધુ સમય લે છે).

૧) નીચે પ્રમાણે કહેતી વખતે મનમાં ધારણાં કરો કે તમે મહાગણપતિને બેસવા માટે સુંદર આસનનું સમર્પણ કરી રહયા છો અને થોડા ચોખા મૂર્તિ અને અગ્નિમાં પધરાવો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતયે નમ: આસનં સમર્પયામિ ।**

૨) હવે નીચે પ્રમાણે કહેતી વખતે મનમાં ધારણાં કરો કે તમે એમના ચરણો ધોઇ રહયા છો. આમ ધારણાં કરતા એક ચમચી ભરેલુ પાણી અગ્નિ અને મૂર્તિ સામે દેખાડો અને તે પાણીને નિર્માલ્યનાં વાસણમાં ઢોળી દો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતયે પાદયો: પાદ્યં સમર્પયામિ ।**

૩) નીચે પ્રમાણે કહેતી વખતે મનમાં એવી ધારણાં કરો કે તમે મહાગણપતિના હસ્ત કમળ ધોઇ રહયા છો. આમ ધારણાં કરતા એક ચમચી ભરેલુ પાણી અગ્નિ અને મૂર્તિ સામે દેખાડો અને તે પાણીને નિર્માલ્યનાં વાસણ મા ઢોળી દો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતયે હસ્તયો: અર્ઘ્યં સમર્પયામિ ।**

૪) નીચે પ્રમાણે કહેતી વખતે મનમાં એવી ધારણાં કરો કે તમે એમને પીવા માટે પાણી અર્પણ કરી રહયા છો. આમ ધારણાં કરતા એક ચમચી ભરેલુ પાણી અગ્નિ અને મૂર્તિ સામે દેખાડો અને તે પાણીને નિર્માલ્યનાં વાસણ મા ઢોળી દો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતયે મુખે શુધ્ધાચમનીયં સમર્પયામિ ।**

૫) નીચે આપેલુ પહેલુ વાક્ય કહેતી વખતે એવી ધારણાં કરો કે તમે મહાગણપતિને સ્નાન કરાવી રહ્યા છો. આમ ધારણાં કરતા એક ચમચી ભરેલુ પાણી અગ્નિ અને મૂર્તિ સામે દેખાડો અને તે પાણીને નિર્માલ્યનાં વાસણમાં ઢોળી દો. હવે બીજુ વાક્ય કહેતા એવી ધારણાં કરો કે તમે તેમને પીવાનું પાણી અર્પણ કરી રહ્યા છો. ચમચી ભરેલું પાણી ફરી અગ્નિ અને મૂર્તિ સામે દેખાડીને તે પાણીને નિર્માલ્યનાં વાસણમાં ઢોળી દો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતિં સ્નપયામિ સ્નાનાનન્તરં આચમનીયં સમર્પયામિ ।**

૬) નીચે પ્રમાણે કહેતી વખતે મનમાં એવી ધારણાં કરો કે તમે એમને પહેરવાના જોડી કપડા અર્પણ કરી રહ્યા છો. આમ કહેતા થોડા ચોખા પધરાવો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતયે વસ્ત્રાણી ધારયામિ ।**

૭) નીચે પ્રમાણે કહેતી વખતે મનમાં એવી ધારણાં કરો કે તમે એમને યજ્ઞોપવિત (જનોઇ) અર્પણ કરી રહ્યા છો. આમ કહેતા થોડા ચોખા પધરાવો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતયે યજ્ઞોપવિતં સમર્પયામિ ।**

૮) નીચે પ્રમાણે કહેતી વખતે મનમાં એવી ધારણાં કરો કે તમે એમને સુંદર આભુષણો (ઘરેણાં) અર્પણ કરી રહયા છો અને થોડા ચોખા પધરાવો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતયે આભરાણિ સમર્પયામિ।**

૯) નીચે પ્રમાણે કહેતી વખતે થોડું ચંદન, હળદર, કંકુ, અને ચોખા અગ્નિ અને મૂર્તિ પર પધરાવો.

**ૐ શ્રીં હ્રીં કલીં શ્રી મહાગણપતયે ગંન્ધાન ધારયામિ, હરીદ્રા કુંકુંમ સમર્પયામિ, અક્ષતાન સમર્પયામિ ।**

૧૦) ફુલોની પાંખડીઓ કે ચોખાનો છંટકાવ અગ્નિમાં અને મૂર્તિપર કરતા કરતા નીચે આપેલા ૧૬ નામો વાચોં. ફુલો કે ફુલોની પાંખડીઓ મૂર્તિને અર્પણ કરો અને ચોખા અગ્નિમાં પધરાવો કે જેથી અગ્નિ ઓલવાઇ ન જાય.

**ૐ શ્રીં હ્રીં કલીં મહાગણપતયે પુષ્પૈ: પૂજયામિ ।**

| | | |
|---|---|---|
| **ૐ સુમુખાય નમ: ।** | **ૐ એકદંતાય નમ: ।** | **ૐ કપિલાય નમ: ।** |
| **ૐ ગજકર્ણકાય નમ:।** | **ૐ લંબોદરાય નમ: ।** | **ૐ વિકટાય નમ: ।** |
| **ૐ વિઘ્નરાજાય નમ: ।** | **ૐ ધુમકેતવે નમ: ।** | **ૐ ગણાધ્યક્ષાય નમ: ।** |
| **ૐ ફાલચંદ્રાય નમ: ।** | **ૐ ગજાનનાય નમ: ।** | **ૐ વક્રતુંડાય નમ: ।** |
| **ૐ શૂર્પકર્ણાય નમ: ।** | **ૐ હેરંબાય નમ: ।** | **ૐ સ્કન્દપૂર્વજાય નમ: ।** |

**ૐ સિધ્ધિવિનાયકાય નમ: ।** **ૐ શ્રી મહાગણાધિપતયે નમ: ।**

૧૧) નીચે પ્રમાણે કહેતી વખતે ધુપસળી (અગરબતી) ના ધુપ થી આરતી ઉતારો

**ૐ શ્રીં હ્રીં કલીં મહાગણપતયે ધૂપં આઘ્રાપયામિ ।**

૧૨) નીચે પ્રમાણે પહેલી પંક્તિ કહેતી વખતે પ્રગટાવેલ દીપથી અગ્નિ અને મૂર્તિની આરતી ઉતારો અને પછી બીજી પંક્તિ કહેતી વખતે ચમચી પાણી દેખાડીને ર્નિમાલ્ય પાત્રમાં પધરાવો.

**ૐ શ્રીં હ્રીં કલીં મહાગણપતયે દીપં દર્શયામિ। આચમનીંય સમર્પયામિ ।**

૧૩) નીચે આપેલ પ્રથમ પંક્તિ કહેતા પ્રસાદ ધરાવો અને ધારણાં કરોં કે એમણે પ્રસાદ આરોગ્યો છે અને બીજી પંક્તિ કહેતા એવી કલ્પના કરો કે તમે એમને હવે સુંદર પાન સોપારીનો મુખવાસ અર્પણ કરી રહ્યા છો. આમ કહેતા થોડા ચોખા પધરાવો.

**ૐ શ્રીં હ્રીં કલીં મહાગણપતયે નૈવેદ્યં સર્મપયામિ । તામ્બુલં સર્મપયામિ ।**

૧૪) કપુરનો એક નાનો ટુકડો પ્રગટાવીને તેનાથી એમની આરતી ઊતારો અને ત્યારે નીચે પ્રમાણે બોલો.

**ૐ શ્રીં હ્રીં કલીં મહાગણપતયે કર્પૂરનીરાજનં સર્મપયામિ ।**

૧૫) હાથમાં થોડાં ફુલો અને ચોખા લઈને નીચેના શ્લોક બોલીને મૂર્તિ પર પધરાવો. એકાદ બે ફુલોની પાંખડીઓ અગ્નિમાં પધરાવો. જો તમે "નારાયણ સુક્ત" અથવા "મંત્ર પુષ્પમ" જાણતા હો તો પહેલા તે વાંચો અને પછી નીચેનું વાક્ય બોલીને ફુલો ચોખા પધરાવો અને એવી ધારણાં કરો કે ફુલોમાં આ મંત્રોની શક્તિ સમાઈ રહી છે,

**ૐ શ્રીં હ્રીં કલીં મહાગણપતયે મંત્રપુષ્પં સર્મપયામિ ।**

૧૬) હવે ઊભા થઇને હોમકુંડની એક વાર કે ત્રણ વાર પ્રદક્ષિણા કરો (ઘડિયાળનાં કાંટાની દિશામાં)

**ૐ શ્રીં હ્રીં કલીં મહાગણપતયે પ્રદક્ષિણ નમસ્કારાન્ સમર્પયામિ ।**

## જોડાણ પ્રત "ડ"

## વ્યવહાર સૂચનો અને માહિતીઓ

અહીં નીચે વ્યવહારૂ સૂચનો અને માહિતીઓ આપેલ છે કે જેનાથી હોમની પ્રક્રીયા કરવામાં ઘણી સરળતા રહેશે.

૧) શરૂઆતમાં અગ્નિને બળતો રાખવામાં તકલીફો આવી શકે છે. જયારે પહેલા મુકેલા નાળિયેરનાં ટૂકડાં બળતાં હોય ત્યારે નવા ટુકડાં મૂકવા જોઇએ કે જેથી કરીને અગ્નિની જવાળા ચાલૂ રહે અને સંપૂર્ણ પણે બુઝાય ન જાય. જેમ જેમ અનુભવ થતો જશે તેમ તેમ આમા સાધકની આવડત કેળવાતી જશે.

૨) જો કોઇકવાર અગ્નિ સંપૂર્ણ પણે બુઝાય જાય તો તેના પર કર્પુરનો ભુક્કો છાંટો જેથી અગ્નિ પાછો પ્રગટશે અથવા કર્પુરની નાની ટીકડી લઇને દીપકથી પ્રગટાવીને પાછી હવન કુંડમા મુકો.

૩) કર્પુરની ટિકડી ઉપર આખો નાળિયેરનો ટુકડો ન મુકતા ફક્ત તેની કિનારી સળગતા કર્પુરની અધ્ધર રહે તેમ મુકો. એમ કરવાથી સુકા નાળિયેરનો ટુકડો તરત અગ્નિ પકડી લેશે.

૪) ચોખાના બે-ચાર દાણાંજ અગ્નિમાં મુકવા જેથી તે સંપૂર્ણપણે બળી જાય. એવીજ રીતે ફુલોની એકાદ પાંખડી જ અગ્નિમાં મુકવી કે જેથી નાના અગ્નિને બુઝાઇ જવાની બીક ન રહે.

૫) આહુતિઓનું નાનું પ્રમાણ રાખવાથી તે પૂર્ણ રીતે બળે છે.

૬) ઘીની આહુતિ દરેક વખતે એક ટીપાથી જ અપાય તો ધુમાડો મર્યાદિત થશે.

૭) લાકડું ઘણું વધારે ધુમાડો ઉત્પન કરે છે. જ્યારે સુકા નાળિયેરના ટુકડાથી ઘણો ઓછો ધુમાડો ઊત્પન્ન થાય છે.

૮) પ્રમાણમાં વધુ ધુમાડો હવનના અંતમા જ્યારે અગ્નિ બુઝાઇ જાય ત્યારે થાય છે. આ વખતે હવન કુંડ બારી પાસે કે દરવાજા ની બહાર મુકી દેવામા આવે તો ધુમાડો વાતાવરણમાં ભળી જશે અને ઘરમાં ધુમાડો નહીં રહે.

૯) ગણપતિનાં મંત્રો સિવાયના બીજા મંત્રોની આહુતિ પણ હવનમાં આપી શકાય અને તે વખતે એવી ધારણાં કરવી કે આ મંત્રો તમે મહાગણપતિ ને જ સમર્પિત કરો છો.

૧૦) વૈદિક ઋચા અને મંત્રોમાં અવર્ણનીય શકિત સમાયેલી છે. વ્યક્તિ જો તેનો અર્થ જાણ્યા વગર પણ તેમના ઊચ્ચારો વારંવાર કરે તો પણ ઘણી શાંતી, પ્રસન્નતા અને આનંદનો અનુભવ થાય છે. ગણપતિ અથર્વશીર્ષ વાંચવાનો પ્રયત્ન ચોકકસ કરવો જોઇએ.

૧૧) હવન કરતી વખતે શરીરનું હલન ચલન જેટલું જરૂરી હોય (જેમ કે મોઢાનું, હાથનું) તેટલું જ કરવું. શરીરની સ્થિરતા રાખવાથી હવનની શુભ અસરો ઘણાં મોટા પ્રમાણમાં અનુભવી શકાય છે.

૧૨) ઓછામાં ઓછા નાળિયેરનાં બે ટુકડાં બળતા રાખવા હિતાવહ છે. આથી અગ્નિ બુઝાવાનો ભય ઘણો ઓછો થઇ જશે.

૧૩) ઘીનું અને હવનની સામગ્રી (નાળિયેરના ટુકડા, તલ, મમરા  વગેરે) નું પ્રમાણ જો બરાબર રીતે જાળવવામાં આવે તો અગ્નિ સારી રીતે પ્રગટશે અને ધુમાડો પણ ઓછા પ્રમાણમા થશે.

૧૪) બળતા નાળિયેરનાં ટુકડાં ઉપર સીધો બીજો ટુકડો મુકવો નહી કારણ કે અગ્નિ અવરોધાતાં ઘણો ધુમાડો ઉત્પન થશે. નવો ટુકડો, બળતા ટુકડાને સહેજ અઢેલીને મુકવો કે જેથી નવો ટુકડો પણ તરત બળવા લાગે અને ધુમાડો ઉત્પન ન થાય. એક વાત યાદ રાખવી કે જ્યારે અગ્નિ અવરોધાય છે ત્યારે ઘણો ધુમાડો ઉત્પન થાય છે.

૧૫) રાંધેલા ભાત કે ફળ ન હોય ત્યારે બલી તરીકે બદામ, કીસમીસ કે પતાશા આવા કોઇ ખાદ્ય પદાર્થ મુકી શકાય છે.

**।। શિવકૃષ્ણાદુર્ગાર્પણમસ્તુ ।।**